dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue-280 | AD - 2026, Ashadh Sud -02 | Thursday, Dt. 16-07-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


### લશ્કરી ઠેકાણાં, મિસાઈલ મથકો અને અન્ય સ્થાપનોને નિશાન બનાવ્યાનો દાવો, ઈરાને કડક જવાબની ચેતવણી આપી

# ઈરાન પર અમેરિકાના હુમલાથી ૩૦થી વધુનાં મોત, ૨૬૦થી વધુ ઘાયલ

તહેરાન, તા.૧૫

ઈરાન અને અમેરિકા વચ્ચેનો તણાવ વધુ ઘેરો બન્યો છે. ઈરાન પર અમેરિકાએ કરેલા હવાઈ હુમલાઓમાં ૩૦થી વધુ લોકોના મોત થયા હોવાનું ઈરાની સરકારના પ્રવક્તા ફાતેમેહ મોહજેરાનીએ જણાવ્યું છે, જ્યારે ૨૬૦થી વધુ લોકો ઘાયલ થયા હોવાની માહિતી ઈરાનના આરોગ્ય મંત્રાલય દ્વારા આપવામાં આવી છે. હુમલાઓ બાદ સમગ્ર વિસ્તારમાં ચિંતા અને અસુરક્ષાનું વાતાવરણ સર્જાયું છે.

ઈરાની સૈન્યના જણાવ્યા અનુસાર, ઈરાનશહર નજીક આવેલા બામપુર ગેરિસન પર અમેરિકાએ મિસાઈલ હુમલો કર્યો હતો. આ હુમલામાં ૩૮૮મી બ્રિગેડના સાત સૈનિકોના મોત થયા હોવાનું જણાવાયું છે, જ્યારે અનેક અન્ય સૈનિકો ઘાયલ થયા છે. સૈન્યએ દાવો કર્યો છે કે અમેરિકાએ બેઝના ગેસ્ટ હાઉસ, સુરક્ષા ચોકીઓ અને રહેણાંક સુવિધાઓને પણ નિશાન બનાવી મહત્તમ જાનહાનિ પહોંચાડવાનો પ્રયાસ કર્યો હતો.

બીજી તરફ, યુએસ સેન્ટ્રલ કમાન્ડ (સેન્ટકોમ)એ જણાવ્યું છે કે તેની સૈન્ય કાર્યવાહીમાં ઈરાનની મિસાઈલ અને ડ્રોન ક્ષમતાઓ, દરિયાકાંઠાના સંરક્ષણ તંત્ર અને નૌકાદળની કેટલીક સંપત્તિઓને નિશાન બનાવવામાં આવી હતી. સેન્ટકોમના જણાવ્યા મુજબ આ કાર્યવાહી લગભગ સાત કલાક



સુધી ચાલી હતી.

હોર્મુઝ જળમાર્ગને લઈને બંને દેશો વચ્ચે લાંબા સમયથી તણાવ છે. વિશ્વના તેલ અને કુદરતી ગેસના વેપારનો મોટો હિસ્સો આ વ્યૂહાત્મક જળમાર્ગમાંથી પસાર થતો હોવાથી તેની સુરક્ષા આંતરરાષ્ટ્રીય સ્તરે મહત્વપૂર્ણ માનવામાં આવે છે. અમેરિકા દ્વારા હોર્મુઝ વિસ્તારમાં ફરી નૌકાદળ નાકાબંધી જેવી કાર્યવાહી હાથ ધરવામાં આવતા ઈરાને તેનો સખત વિરોધ નોંધાવ્યો છે.

ઈરાનના પશ્ચિમ ખુઝેસ્તાન પ્રાંતમાં આવેલી ઘઉં સંગ્રહ સુવિધા પર પણ હુમલો થયો હોવાનો દાવો કરવામાં આવ્યો છે. સ્થાનિક અધિકારીઓના જણાવ્યા મુજબ ત્યાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ માળખાકીય નુકસાન થયું છે.

આ દરમિયાન બહેરીને સુરક્ષા ચેતવણી જાહેર કરી છે અને રહેવાસીઓને સતર્ક રહેવા અપીલ કરી છે. જૉર્ડને પણ દાવો કર્યો છે કે તેણે ઈરાન તરફથી છોડવામાં આવેલી મિસાઈલોને સફળતાપૂર્વક નિષ્ક્રિય કરી હતી.

પ્રાદેશિક તણાવ વચ્ચે ગાઝા પટ્ટીમાં પણ હિંસા યથાવત છે. દેઈર અલ-બલાહ વિસ્તારમાં એક ઘર પર થયેલા હવાઈ હુમલામાં એક જ પરિવારના સભ્યો સહિત ચાર લોકોના મોત થયા હોવાના અહેવાલ છે.

ઈરાની સૈન્ય અને સરકાર બંનેએ સ્પષ્ટ કર્યું છે કે તેઓ હુમલાઓનો યોગ્ય સમયે જવાબ આપશે. બીજી તરફ અમેરિકા ઈરાન પર પ્રાદેશિક સુરક્ષા માટે જોખમ ઉભું કરવાનો આરોપ મૂકી રહ્યું છે. વધતા તણાવને કારણે મધ્ય પૂર્વમાં સ્થિતિ વધુ ગંભીર બનવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# CBSEની ઓન-સ્ક્રીન માર્કિંગ સિસ્ટમ પર સુપ્રીમ કોર્ટે વ્યકત કરી ચિંતા

નવી દિલ્હી,તા.૧૫

સુપ્રીમ કોર્ટે બુધવારે **CBSE**ની ઓન-સ્ક્રીન માર્કિંગ **(OSM)** સિસ્ટમને લઈને વિદ્યાર્થીઓમાં જોવા મળતી નારાજગી અને નિરાશા અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી. સુનાવણી દરમિયાન મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતે ટિપ્પણી કરતા કહ્યું કે નાના બાળકોમાં કેટલી નિરાશા જોવા મળે છે તે ચિંતાજનક બાબત છે. કોર્ટે સ્પષ્ટ કર્યું હતું કે તેનો સરકાર સાથે કોઈ ટકરાવ કરવાનો ઈરાદો નથી, પરંતુ વર્તમાન વ્યવસ્થામાં કેટલીક



ખામીઓ અને સમસ્યાઓ હોવાનું સામે આવી રહ્યું છે.

કોર્ટે **CBSE** દ્વારા આ સિસ્ટમમાં સુધારા માટે લેવામાં આવતા પગલાં અંગે વિગતવાર માહિતી રજૂ કરવા જણાવ્યું છે તેમજ કેન્દ્ર સરકારને પણ આ મામલે સહયોગ આપવા સૂચના આપી છે. **OSM** એટલે ઓન-સ્ક્રીન માર્કિંગ સિસ્ટમ જેમાં વિદ્યાર્થીઓની આન્સર શીટની સ્કેન કરેલી નકલ કમ્પ્યુટર સ્ક્રીન પર તપાસવામાં આવે છે. શિક્ષકો કાગળની કોપી બદલે ડિજિટલ માધ્યમથી મૂલ્યાંકન કરે છે.આ મામલે જનહિત અરજી રાકેશ બિન્જોલા દ્વારા વકીલ લક્ષ્મીકાંત મટાડન શુક્લા મારફતે દાખલ કરવામાં આવી હતી. અરજીમાં **OSM** મૂલ્યાંકન પ્રણાલી માટે સ્પષ્ટ નિયમાવલી બનાવવાની માંગ કરવામાં આવી છે. સાથે જ

**વિદ્યાર્થીઓમાં વધતી નિરાશા અંગે કેન્દ્ર અને CBSE પાસેથી માગી માહિતી**

સમગ્ર વ્યવસ્થાની દેખરેખ માટે હાઈ પાવર કમિટી રચવાની માંગ પણ કરવામાં આવી છે. અરજીમાં એવા વિદ્યાર્થીઓને રાહત આપવા પણ રજૂઆત કરવામાં આવી છે જેમને પ્રવેશ મળી ગયો છે અથવા પ્રવેશ પરીક્ષાઓ પાસ કરી છે અને ધોરણ ૧૨ના લઘુત્તમ ગુણની શરતમાંથી મુક્તિ આપવા અપીલ કરવામાં આવી છે.

# ઉત્તર ભારતમાં ચોમાસાના વિરામથી ગરમીનો પ્રકોપ, પૂર્વોત્તર રાજ્યોમાં પૂરથી સ્થિતિ ગંભીર

દિલ્હી,તા.૧૫

દેશના અનેક ભાગોમાં હવામાનના અલગ અલગ રંગ જોવા મળી રહ્યા છે. ચોમાસાના વિરામના કારણે ઉત્તર ભારતના રાજ્યોમાં છેલ્લા ત્રણ દિવસથી ગરમીનો પ્રકોપ વધ્યો છે. રાજસ્થાન, દિલ્હી, હરિયાણા, પંજાબ, ચંદીગઢ, મધ્ય પ્રદેશ અને ઉત્તર પ્રદેશમાં તાપમાનમાં વધારો નોંધાયો છે. દિલ્હીમાં મંગળવારે મહત્તમ તાપમાન ૩૮ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચતા લોકોને ઉકળાટ અને ગરમીનો સામનો કરવો પડ્યો હતો. બીજી તરફ પૂર્વોત્તર




ભારતના રાજ્યોમાં ભારે વરસાદ અને પૂરથી જનજીવન પ્રભાવિત બન્યું છે. અરુણાચલ પ્રદેશમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન ભારે વરસાદ, પૂર અને ભૂસ્ખલનની ઘટનાઓ સર્જાતા અનેક ઘરોને નુકશાન થયુ છે. રાજ્યમાં પૂરથી અસરગ્રસ્ત લોકોની સંખ્યા વધીને ૧,૦૨,૯૧૭ સુધી પહોંચી ગઈ છે. વિવિધ દુર્ઘટનાઓમાં અત્યાર સુધી ૭ લોકોના મોત થયા છે જ્યારે ૨૯ લોકો ઈજાગ્રસ્ત બન્યા છે. આસામમાં પણ પૂરનું પાણી ૬ જિલ્લાઓમાં ફરી વળતા ૧૨ રેવન્યુ સર્કલ અને ૯૯ ગામો અસરગ્રસ્ત થયા છે. કુલ ૩૭,૦૩૨ લોકો પૂરથી પ્રભાવિત થયા છે જેમાં લખીમપુર જિલ્લો સૌથી વધારે અસરગ્રસ્ત હોવાનું સામે આવ્યું છે. હવામાન વિભાગે ઓડિશામાં રથયાત્રા દરમિયાન ભારે વરસાદની આગાહી કરી છે. બંગાળની ખાડીમાં ઓછા દબાણનું ક્ષેત્ર બનવાની શક્યતાને કારણે પુરી સહિત અનેક વિસ્તારોમાં બુધવારથી શુક્રવાર સવાર સુધી ભારે થી અતિભારે વરસાદ પડી શકે તેવી ચેતવણી જાહેર કરવામાં આવી છે.

### મુઝફ્ફરાબાદ તરફના લૉંગ માર્ચ પહેલા તંગદિલી વધી, JAACએ સરકાર સામે આક્રોશ વ્યક્ત કર્યો

# PoKમાં ચૂંટણી પૂર્વે વિરોધીઓ પર ગોળીબારથી ૮ના મોત

મુઝફ્ફરાબાદ, તા.૧૫

પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (પીઓકે)માં વિધાનસભા ચૂંટણી પૂર્વે રાજકીય તણાવ વધુ ગાઢ બન્યો છે. રાવલકોટ અને સુધાનોટી વચ્ચે ચૂંટણી વિરોધી પ્રદર્શન દરમિયાન સુરક્ષા દળો દ્વારા ગોળીબાર કરવામાં આવ્યો હોવાના દાવા સામે આવ્યા છે. સ્થાનિક સૂત્રોના જણાવ્યા મુજબ ઘટનામાં ૮ પ્રદર્શનકારીઓના મોત થયા હોવાનો અને અનેક લોકો ઘાયલ



થયા હોવાનો દાવો કરવામાં આવ્યો છે, જોકે આ દાવાની સ્વતંત્ર પુષ્ટિ થઈ શકી નથી.અહેવાલો મુજબ મોટી સંખ્યામાં પ્રદર્શનકારીઓ મુઝફ્ફરાબાદ તરફ કૂચ કરવા એકત્ર થયા હતા. સુરક્ષા દળોએ તેમને રોકવા માટે ટીયર ગેસના શેલ છોડ્યા અને બળપ્રયોગ કર્યો હોવાના આક્ષેપો કરવામાં આવ્યા છે. વિરોધ પ્રદર્શનમાં મહિલાઓની પણ નોંધપાત્ર હાજરી જોવા મળી રહી છે. પીઓકેમાં છેલ્લા કેટલાક અઠવાડિયાથી ચૂંટણી પ્રણાલી, અનામત બેઠકો, મોંઘવારી અને શાસકીય નીતિઓ સામે વિરોધ ચાલી રહ્યો છે. પ્રદર્શનકારીઓનો આરોપ છે કે ઈસ્લામાબાદ સરકાર સ્થાનિક જનમતની અવગણના કરી રહી છે. વિરોધ આંદોલનનું નેતૃત્વ કરતી સંસ્થાઓએ અનેક કાર્યકરોની ધરપકડ, ઈન્ટરનેટ અને મોબાઈલ સેવાઓમાં વિક્ષેપ તેમજ દમનાત્મક કાર્યવાહીનો આરોપ લગાવ્યો છે. ભારતના વિદેશ મંત્રાલયે પણ પીઓકેની સ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરી છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું કે સ્થાનિક લોકોનો અસંતોષ વર્ષોથી ચાલતા શોષણ અને અધિકારોના હનનનું પરિણામ છે. પીઓકેમાં ૨૭ જુલાઈએ વિધાનસભા ચૂંટણી યોજાવાની છે, ત્યારે સમગ્ર વિસ્તાર પરિસ્થિતિને કારણે ચર્ચાના કેન્દ્રમાં આવ્યો છે.


# સોનમ વાંગચૂકની હડતાલને લઈ હાઈકોર્ટે કેન્દ્ર અને સરકાર પાસે જવાબ માંગ્યો

દિલ્હી,તા.૧૫

દિલ્હી હાઈકોર્ટે બુધવારે એક્ટિવિસ્ટ સોનમ વાંગચુકની ભૂખ હડતાળને ખૂબ જ જરૂરી ગણી. કેન્દ્ર અને દિલ્હી સરકાર પાસેથી ગુરુવાર સવાર સુધીમાં જવાબ માંગ્યો છે. હાઈકોર્ટે આ સુનાવણી એક જનહિત અરજી પર કરી. જેમાં વાંગચુકને તાત્કાલિક મેડિકલ સુવિધા અને સારવાર આપવાની માગ કરવામાં આવી છે. વાંગચુક **NEET** પેપર લીક અને પરીક્ષાઓમાં ગડબડી વિરુધ્ધ દિલ્હીના જંતર-મંતર પર છેલ્લા ૧૮ દિવસથી ભૂખ હડતાળ પર છે. તેમની હાલત સતત બગડતી જઈ રહી છે. ૮.૫૦ કિગ્રા સુધી વજન ઘટી ગયું છે.










# જાફરાબાદના લુણસાપુરમાં શેરબજારના નામે રૂ. ૯.૫૫ લાખની ઓનલાઈન છેતરપિંડી

જાફરાબાદ, તા.૧૫

રાજ્યમાં સોશિયલ મીડિયાના માધ્યમથી શેરબજારમાં રોકાણ કરી તગડો નફો કમાવવાની લાલચ આપીને છેતરપિંડી આચરતી ગેંગ સક્રિય થઈ છે, ત્યારે અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના લુણસાપુર ગામે ઓનલાઈન સાયબર ફ્રોડનો વધુ એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. લુણસાપુર ગામના એક રહીશને સ્ટોક માર્કેટમાં ટ્રેડિંગ શીખવવા અને નફો કરાવવાની લાલચ આપી ઓનલાઈન ગેંગે કટકે-કટકે રૂ.૯,૫૫,૦૦૦/- પડાવી લીધા હોવાની ફરિયાદ સાયબર પોલીસ મથકે નોંધાઈ હતી. મૂળ ઉત્તર પ્રદેશના અને હાલ જાફરાબાદના લુણસાપુરમાં રહી નોકરી કરતાં અનીલકુમાર રમેશચંદ્ર શાહૂ (ઉ.વ.૪૦) એ અજાણ્યા ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમણે ફેસબુક એપ્લિકેશન પર શેરબજારમાં રોકાણ અંગેની એક જાહેરાત (એડ) જોઈ હતી. આ જાહેરાત પર ક્લિક કર્યા બાદ, એક અજાણ્યા મોબાઈલ નંબર ધારકે તેમનો સંપર્ક કર્યો હતો. ત્યારબાદ તેમને શેરબજારના ટ્રેડિંગ અને નફાકારક શેરની વિગતો શીખવવાના બહાને એક વોટ્સએપ ગ્રુપમાં એડ કરવામાં આવ્યા હતા. આ ગ્રુપમાં તેમજ પર્સનલ વોટ્સએપ કોલ અને મેસેજ દ્વારા આરોપીઓએ ફરિયાદી સાથે વિશ્વાસ કેળવ્યો હતો. શાતિર ઠગોએ ફરિયાદીને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડનો FPO સબસ્ક્રાઈબ કરાવવાના બહાને તારીખ ૨૧/૦૧/૨૦૨૬ થી ૧૮/૦૪/૨૦૨૬ દરમિયાન કટકે-કટકે જુદી-જુદી બેંકોના ૭ જેટલા બેંક ખાતાઓમાં કુલ રૂ. ૯,૫૫,૦૦૦ ટ્રાન્સફર કરાવી લીધા હતા. રોકાણ કરાવ્યા બાદ ઠગોએ ફરિયાદીને Samco Securities limited નામની એક કસ્ટમાઈઝ્ડ નકલી એપ્લિકેશન ડાઉનલોડ કરાવી હતી. આ એપ્લિકેશનમાં ફરિયાદીના એકાઉન્ટમાં માઈનસ રૂ ૧૦ લાખ દર્શાવીને તેમનું એકાઉન્ટ ફ્રીજ કરી દેવામાં આવ્યું હતું. ત્યારબાદ આરોપીઓએ છેતરપિંડી પૂર્વક ફરિયાદી પાસે વધુ રૂ ૧૦ લાખ નાખવાની માંગણી કરી ધમકી આપી હતી. તેઓ વધુ નાણાં આપવાની સ્થિતિમાં ન હોવાથી અને છેતરપિંડીનો અહેસાસ થતાં ફરિયાદ નોંધાવી હતી.

**કઈ બેંકમાં કોના ખાતામાં કેટલા રૂપિયા થયા જમા**

- શ્રી સાઈ કન્સ્ટ્રક્શન (બેંક ઓફ ઈન્ડિયા) - રૂ. ૩૧,૦૦૦
- ડી.કે. ટ્રેડર્સ (યસ બેંક) - રૂ. ૬૨,૦૦૦
- ઇસ્તિયાક ઓનલાઈન સ્ટોર (યસ બેંક) - રૂ. ૨૫,૦૦૦
- મહાકાલ એન્ટરપ્રાઇઝિસ (કોટક મહિન્દ્રા બેંક) - રૂ. ૨,૨૫,૦૦૦
- એમ.એસ.આર કે એન્ટરપ્રાઇઝિસ (બંધન બેંક) - રૂ.૧૧,૦૦૦
- મેડીય ફૂટકેર (બેંક ઓફ ઈન્ડિયા) - રૂ. ૧,૦૧,૦૦૦
- સંતોષ કુમાર (એચડીએફસી બેંક) - રૂ.૫,૦૦૦,૦૦

# લીલીયા પોલીસ સ્ટેશન ખાતે અરજદારોના પ્રશ્નો અંગે બેઠક યોજાઈ

લીલીયા,તા.૧૫



લીલીયા મોટા પોલીસ સ્ટેશન ખાતે પ્રજાની સમસ્યાઓનું ઝડપી અને સંતોષકારક નિરાકરણ આવે તે હેતુથી એક ખાસ કાર્યક્રમ યોજાયો હતો. અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાતની સૂચના મુજબ યોજાયેલ આ બેઠકમાં ડીવાયએસપી વિરલ ચંદન અધ્યક્ષ સ્થાને હાજર રહ્યા હતા. આ પ્રસંગે પી.એસ.આઈ. એચ.એમ. અગ્રાવત પણ ઉપસ્થિત રહ્યા હતા. વિસ્તારમાંથી મોટી સંખ્યામાં અરજદારો હાજર રહ્યા હતા અને પોતાની ફરિયાદો તેમજ પ્રશ્નોની રજૂઆત કરી હતી. ડીવાયએસપી વિરલ ચંદને તમામ અરજદારોની વાત ધ્યાનથી સાંભળી હતી અને યોગ્ય પ્રશ્નોના કાયદેસર નિવારણ માટે સંબંધિત અધિકારીઓને જરૂરી સુચનાઓ આપી હતી. પી.એસ.આઈ. અગ્રાવતે પણ સ્થાનિક સ્તરે લોકોની મુશ્કેલીઓ દુર કરવા પોલીસ તરફથી પુરતો સહયોગ આપવાની ખાતરી આપી હતી. કાર્યક્રમને અરજદારો દ્વારા સારો પ્રતિસાદ મળ્યો હતો.

# રાજુલા નજીક NH-51 ના નવા બ્રિજમાં ખામી, લોખંડના સળિયા બહાર આવતા ઉઠ્યા સવાલ

રાજુલા,તા.૧૫

રાજુલા તાલુકાના ભેરાઈ ચોકડી નજીક રેલવે ફાટક પાસે આવેલ ભાવનગર-સોમનાથ નેશનલ હાઈવે (NH-૫૧) પરના નવા બ્રિજમાં ગંભીર ખામી સામે આવી છે. અંદાજે છ મહિના પહેલા તૈયાર થયેલા બ્રિજનો એક ભાગ બેસી જતા લોખંડના સળિયા બહાર દેખાયા હોવાનું સામે આવ્યુ છે. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ ખામી છુપાવવા માટે મરામતનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, પરંતુ બાંધકામની ગુણવત્તા અંગે હવે અનેક સવાલો ઉભા થયા છે. આ માર્ગ પરથી દરરોજ હજારો વાહનો પસાર થાય છે અને હાલની સ્થિતિ અકસ્માતનો ભય ઉભો કરી રહી છે. થોડા દિવસ અગાઉ રાજુલા–ઉના હાઈવેના ચારનાળા બ્રિજમાં પણ તિરાડો પડવાની ઘટના સામે આવી હતી. વાહનચાલકોએ તાત્કાલિક તપાસ કરી જવાબદારો સામે કાર્યવાહી કરવાની માંગ કરી છે.



તસવીર : ગોપાલ રાઠોડ

# રાજુલાના રામપરા-૨ ગામના ખેડૂત સાથે ઓનલાઈન છેતરપિંડી

રાજુલા, તા.૧૫

ગામડાના ભોળા ખેડૂતોને વિશ્વાસમાં લઈ અવનવી લાલચો આપી ઓનલાઈન છેતરપિંડી આચરતી ગેંગ હવે વધુ સક્રિય થઈ છે. રાજુલા તાલુકાના રામપરા-૨ ગામના એક ખેડૂત સાથે જૂની ઓળખાણ અને આશ્રમના સંતોના સંદર્ભ આપી ખાતર તેમજ અનાજના નામે રૂપિયા ૫૦,૦૦૦ ની ઓનલાઈન છેતરપિંડી થઈ હોવાનો બનાવ સામે આવ્યો હતો. બનાવ સંદર્ભે રામપરા-૨ ગામના શીવાભાઈ નાજાભાઈ વાઘ (ઉ.વ.૩૭)એ નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના મોબાઈલ નંબર પર એક અજાણ્યા નંબરથી ફોન આવ્યો હતો. ફોન કરનાર વ્યક્તિએ પોતાનું નામ રાઘવભાઈ ભુવા (રહે. મહુવા) તરીકે આપ્યું હતું. શાતિર ઠગે ખેડૂતનો વિશ્વાસ જીતવા માટે જણાવ્યું કે, પોતે રામપરા-૨ ગામે આવેલી બગીચા વાળી શાળામાં જ ભણેલો છે અને સ્થાનિક આશ્રમના સંતોને પણ ખૂબ સારી રીતે ઓળખે છે. આ વાતો સાંભળીને ખેડૂતને આ વ્યક્તિ પોતાનો કોઈ જૂનો જાણીતો હોય તેવો અહેસાસ થતાં તેમણે તેની વાતો પર ભરોસો કરી લીધો હતો. વિશ્વાસ કેળવ્યા બાદ કથિત રાઘવભાઈ ભુવા નામના આરોપીએ ખેડૂતને સસ્તા ભાવે અનાજ અને ખાતર વેચવાની ઓફર કરી હતી. તેણે લાલચ આપી હતી કે જો તેઓ આ માલ ખરીદશે તો તેમને પ્રતિ બોરી રૂપિયા ૧૫૦નો સીધો ફાયદો થશે. ખેડૂત આ આકર્ષક સ્કીમમાં આવી જતાં તેમણે ૩૦૦ બોરી ખાતર અને અનાજનો ઓર્ડર આપવા સહમતી દર્શાવી હતી. ૩૦૦ બોરી માલ પહોંચાડવા માટે આરોપીએ જણાવ્યું કે મજૂરી અને ગાડીના ભાડા પેટે કુલ રૂપિયા ૫૦,૦૦૦ ની તાત્કાલિક જરૂર પડશે, જે એડવાન્સમાં ચૂકવવા પડશે. તેમણે રૂપિયા ટ્રાન્સફર કર્યા બાદ લાંબા સમય સુધી ખાતર કે અનાજનો કોઈ માલ રામપરા ગામે પહોંચ્યો નહોતો. જ્યારે ખેડૂતે આપેલા બંને મોબાઈલ નંબરો પર સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો, ત્યારે તે નંબરો બંધ આવતા હતા. જેથી તેમને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થયો હતો.

# અમરેલી જિલ્લામાં કલા મહાકુંભ-૨૦૨૬નું તાલુકા અને જિલ્લા કક્ષાએ આયોજન

અમરેલી,તા.૧૫

અમરેલી જિલ્લામાં કલા મહાકુંભ-૨૦૨૬નું તાલુકા અને જિલ્લા કક્ષાએ આયોજન કરવામાં આવ્યું છે. સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુક કલાકારોએ તા. ૫ ઓગસ્ટ સુધી ઓફલાઈન નોંધણી ફોર્મ ભરવાનું રહેશે. કલા મહાકુંભમાં કુલ ૩૭ સાંસ્કૃતિક કૃતિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. ૬થી ૧૪ વર્ષ, ૧૫થી ૨૦ વર્ષ, ૨૧થી ૫૯ વર્ષ અને ૬૦ વર્ષથી ઉપર એમ ચાર વયજૂથમાં સ્પર્ધાઓ યોજાશે. શાળા-કોલેજના વિદ્યાર્થીઓ તેમજ સ્થાનિક કલાકારો માટે તાલુકાવાર નોંધણી કેન્દ્રો નક્કી કરવામાં આવ્યા છે. અમરેલી, બાબરા અને કુંકાવાવ તાલુકાના સ્પર્ધકો જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, બહુમાળી ભવન, અમરેલી ખાતે ફોર્મ જમા કરાવી શકશે, જ્યારે અન્ય તાલુકાઓમાં નિયુક્ત કેન્દ્રો પર પણ નોંધણીની વ્યવસ્થા કરાઈ છે.

**સ્ટાફ જોઈએ છે**

શ્રી સરદાર એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત

**સમર્પણ આર્ટ્સ કોલેજ - ચલાલા, તા. ધારી, જી. અમરેલી.**

| જગ્યાની વિગત | સંખ્યા | શૈક્ષણિક લાયકાત |
|---|---|---|
| આચાર્ય | ૦૧ | બી.એ.એમ.એ સાથે NET/SLET/PhD તથા ૧૫ વર્ષનો શૈક્ષણિક અનુભવ |
| વ્યાખ્યાતા-ગુજરાતી-૨, હિન્દી-૨, સંસ્કૃત-૨, સમાજશાસ્ત્ર-૨, અર્થશાસ્ત્ર-૨ મનોવિજ્ઞાન-૨, | ૧૨ | બી.એ.એમ.એ - ૫૫% સાથે તેમજ NET/SLET/PhD |
| લાઈબ્રેરીયન | ૦૧ | B.Lib, M.Lib (બી.લીબ.એમ.લીબ) |
| પી.ટી.આઈ | ૦૧ | બી.પી.એડ,-એમ.પી.એડ, (B.P, Eed - M.P Eed) |
| ક્લાર્ક | ૦૨ | ગ્રેજ્યુએટ તેમજ કોમ્પ્યુટર જ્ઞાન હોવું જરૂરી છે. |
| પટાવાળા | ૦૧ | ધોરણ - ૧૦ પાસ |

લાયકાત અને પગાર ધોરણ સૌરાષ્ટ્ર યુનિવર્સીટી અને ગુજરાત સરકારશ્રીના નિયમાનુસાર

ઉપરોક્ત લાયકાત ધરાવતા ઉમેદવારો પ્રમાણપત્રોની નકલ તથા પાસપોર્ટ સાઈઝ ફોટા સાથે દિન - ૧૦ માં નીચેના સરનામે અરજી કરવાની રહેશે.

અરજી મોકલવાનું સરનામું

**સમર્પણ આર્ટ્સ કોલેજ C/O ચિરાગ વિદ્યા સંકુલ**
બ્રહ્મ સમાજ વાડી પાસે, દાનેવ પ્લોટ, ચલાલા, તા. ધારી, જી. અમરેલી.
Mo. 94275 57520

# રથયાત્રા પૂર્વે ધારી એએસપી દ્વારા ગુનેગારોને કડક ચેતવણી અપાઈ

ધારી,તા.૧૫

આગામી અષાઢી બીજ અને રથયાત્રાના તહેવારોને ધ્યાનમાં રાખી ધારી એએસપી જયવીર ગઢવીએ ધારી, બગસરા, ખાંભા અને ચલાલા પોલીસ સ્ટેશન વિસ્તારના ગુનાહિત ઈતિહાસ ધરાવતા લોકોને કડક ચેતવણી આપી છે. આ તમામ લોકોને ધારી સ્થિત એએસપી કચેરી ખાતે હાજર રાખી કાયદાનું પાલન કરવા અને શાંતિ જાળવવા સૂચના આપવામાં આવી હતી. પોલીસ દ્વારા સ્પષ્ટ જણાવવામાં આવ્યું હતું કે હાલમાં કોઈપણ પ્રકારની ગુનાહિત પ્રવૃત્તિમાં સંડોવાયેલા લોકો સાવચેત રહે. રથયાત્રા સહિત વિવિધ ધાર્મિક કાર્યક્રમો દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે આ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# વડિયાના સુરગપરા વિસ્તારમાં મુખ્ય રોડ અતિ બિસ્માર હાલતમાં

વડિયા,તા.૧૫

અમરેલી જિલ્લાનું વડિયા ગામ સુરગપરા અને કૃષ્ણપરા એમ બે ભાગોમાં વહેંચાયેલું છે. સુરગપરા વિસ્તારનો મુખ્ય રસ્તો શિવાજી ચોકથી પેટ્રોલ પંપ થઈને પીજીવીસીએલ તરફ જાય છે. આ માર્ગ પરથી દર ચોમાસે વરસાદી પાણીનું ભારે વહેણ પસાર થતું હોવાથી ગોઠણસમા પાણી ભરાઈ જાય છે. સામાન્ય રીતે અહીં કોઈ પણ વિકાસ કાર્ય કરતી વખતે આ પાણીના નિકાલની બાબતને પ્રાથમિકતા આપવામાં આવતી હોય છે. તાજેતરમાં જ અહી સુરગપરા વિસ્તારની ભૂગર્ભ ગટરના જોડાણ માટે નવું જંક્શન બનાવવામાં આવ્યું હતું. પરંતુ, ખોદકામ કર્યા બાદ તેનું પુરાણ ખૂબ જ નબળી ગુણવત્તાનું કરવામાં આવ્યું હતું. પરિણામે, ચોમાસાના શરૂઆતના સામાન્ય વરસાદમાં જ જંક્શનની આજુબાજુ મસમોટા ભુવા પડી ગયા છે. રસ્તા પર ઠેર-ઠેર ખાડાઓ પડી જવાથી અને કાંકરીઓ ફેલાઈ જવાથી રોજિંદા ધોરણે વાહનચાલકો સ્લિપ થઈ રહ્યા છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, માત્ર ચાર ઈંચ છૂટાછવાયા વરસાદમાં જ જો રસ્તાની આવી દયનીય હાલત થઈ જતી હોય, તો ભારે વરસાદમાં આખી ગટર લાઈન ધોવાઈ જવાની પૂરી ભીતિ છે. અકસ્માતની કોઈ મોટી હોનારત સર્જાય તે પહેલાં તંત્ર આ બાબતે તાકીદે મરામતની યોગ્ય કામગીરી કરે તેવી લોક માંગણી ઉઠી છે.



તસવીર : કિરીટ જોટવા

Jitendra Sanghani
Cell : 98254 22922

MARUTI SUZUKI

મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ

**કારકેર સેન્ટર**
(Maruti Authorised Workshop)





વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર

ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




|| શ્રી ગણેશાય નમઃ || || શ્રી ૧૧ || || શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ||

અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...



**યમુના જ્વેલર્સ**
(અમરાપુર વાળા)

અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે,
આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે
યમુના જ્વેલર્સ હવે એક ભવ્ય અને
નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.

- શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
- નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જ્વેલરીનો વિશાળ ખજાનો
- પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ

અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.

સ્થળ : દુ.નં. - ૩, પટેલ વાડી શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક, લીલીયા રોડ, અમરેલી.

હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૮૧૪૧૨ ૦૭૭૩૬

# જાફરાબાદના પ્રશ્નો લઈ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને રજુઆત કરવામાં આવી



અમરેલી,તા.૧૫

જાફરાબાદ તાલુકાના વિવિધ પડતર પ્રશ્નોને લઈને ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ સાથે મહત્વપૂર્ણ મુલાકાત યોજાઈ હતી. રાજુલા-જાફરાબાદના ધારાસભ્ય હીરાભાઈ સોલંકીની આગેવાનીમાં જાફરાબાદ તાલુકા પંચાયતની ટીમ, જિલ્લા પંચાયતના સભ્યો તેમજ તાલુકા ભાજપ સંગઠનના આગેવાનો ગાંધીનગર ખાતે પહોંચ્યા હતા. પ્રતિનિધિમંડળ દ્વારા તાલુકાના વિકાસકાર્યો, રસ્તા, પાણી, શિક્ષણ અને અન્ય લોકહિતના પ્રશ્નો અંગે વિગતવાર રજૂઆતો કરવામાં આવી હતી. મુખ્યમંત્રીએ તમામ રજૂઆતો ધ્યાનપૂર્વક સાંભળી સંબંધિત વિભાગોને જરૂરી કાર્યવાહી કરવા સૂચના આપશે તેવી ખાતરી આપી હતી. તાલુકા ભાજપ પ્રમુખ કુલદીપભાઈ વરૂએ જણાવ્યુ કે મુખ્યમંત્રીએ પ્રશ્નોના ઝડપી નિરાકરણ માટે હકારાત્મક અભિગમ દર્શાવ્યો હતો અને વિકાસના કામોને ગતિ આપવા આશ્વાસન આપ્યુ હતું.

# બગસરાના મુંજીયાસર ડેમના રીનોવેશન માટે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સમક્ષ રજૂઆત



તસવીર : હાર્દિક બામટા

બગસરા,તા.૧૫

બગસરા શહેર ભાજપના પૂર્વ મહામંત્રી નિતેષભાઈ આર. ડોડિયાએ બગસરા શહેર માટે અત્યંત મહત્વના મુંજીયાસર ડેમના રીનોવેશન અને આધુનિકીકરણ માટે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને લેખિત રજૂઆત કરી છે. વર્ષ ૧૯૫૪માં નિર્માણ પામેલો એશિયાનો પ્રથમ કાચી માટીનો આ ડેમ આજે પણ બગસરાની આશરે ૪૫ હજાર જનતાને પીવાના પાણીની સુવિધા પુરી પાડે છે તેમજ અનેક ગામોના ખેડૂતોને સિંચાઈનો લાભ આપે છે. રજૂઆતમાં જણાવાયું છે કે ડેમની અવધિ પૂર્ણતાના આરે હોવાથી તેની સલામતી અને મજબુતી જાળવવી ખુબ જરૂરી બની છે. ડેમમાં ગેબીયન પીચિંગ અને પથ્થરનું કામ કરીને વહેલી તકે રીનોવેશન કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે. આ રજૂઆતમાં નગરપાલિકા પ્રમુખ નીરવભાઈ ગોંડલીયા અને ધારાસભ્ય જે.વી. કાકડીયા પણ જોડાયા હતા. જળ સંસાધન મંત્રી ઈશ્વરસિંહ પટેલ અને ઉર્જા મંત્રી કૌશિકભાઈ વેકરીયાને પણ જાણ કરવામાં આવી છે.

# બાબરાના ગેબી વિસામા ખાતે અષાઢી બીજ મહોત્સવ આજે ઉજવાશે

બાબરા,તા.૧૫

બાબરા શહેરના ગેબી વિસામા ખાતે ભગવાન રામદેવજી મહારાજના સાનિધ્યમાં અષાઢી સુદ બીજ મહોત્સવ ૧૬ જુલાઈએ ગુરુવારના રોજ ધામધૂમથી ઉજવવામાં આવશે. મહોત્સવ અંતર્ગત સવારે ૧૦:૦૦ કલાકે આરતી તથા નેજા પૂજન, સાંજે ૪:૦૦ કલાકે પાઠ-જ્યોત દર્શન, ત્યારબાદ સાંજે ૫:૦૦ કલાકે ભજન-સંતવાણીનો કાર્યક્રમ યોજાશે. સાંજે ૫:૦૦ વાગ્યાથી મહાપ્રસાદ (ભોજન પ્રસાદ) અવિરત શરૂ રહેશે, જેમાં મોટી સંખ્યામાં ભાવિકો લાભ લેશે. ગેબી વિસામાના મહંત રાજુબાપુએ બાબરા શહેર તથા આસપાસના વિસ્તારની ધર્મપ્રેમી જનતાને ભગવાન રામદેવજી મહારાજના દર્શન, મહાપ્રસાદ અને સંતવાણીનો લાભ લેવા આમંત્રણ પાઠવ્યું છે.

# સાવરકુંડલા નગરપાલિકાના પ્રમુખ અને હોદ્દેદારો STP પ્લાન્ટની મુલાકાતે



અમરેલી,તા.૧૫

સાવરકુંડલા નગરપાલિકાના પ્રમુખ નયનાબેન અતુલભાઈ કાપડિયા, ઉપપ્રમુખ નૂતનબેન પરાગભાઈ તન્ના, કારોબારી ચેરમેન જીગ્નેશભાઈ ટાંક, પક્ષના નેતા દિનેશભાઈ રાઠોડ અને દંડક અરવિંદભાઈ મેવાડાએ નગરપાલિકા સંચાલિત સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (STP)ની મુલાકાત લીધી હતી. આ પ્રસંગે હોદ્દેદારોએ પ્લાન્ટની કામગીરીનું સ્થળ પર જઈ નિરીક્ષણ કર્યું હતું. પ્લાન્ટમાં ગંદા પાણીના શુધ્ધિકરણની પ્રક્રિયા તેમજ ઉપલબ્ધ સુવિધાઓ અંગે માહિતી મેળવી હતી. મુલાકાત દરમિયાન સંબંધિત અધિકારીઓ સાથે ચર્ચા કરી કામગીરી વધુ અસરકારક બને તે અંગે માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું. નગરપાલિકાના હોદ્દેદારોએ સમગ્ર વ્યવસ્થાની સમીક્ષા કરી હતી.

## અવસાન નોંધ

**કેશોદ**

સ્વ. વિજયનાબેન રણછોડભાઈ મેસિયા (ઉં.મ.૮૪) તેમનુ દુ:ખદ અવસાન થયેલ છે. તે જયેશભાઈ રણછોડભાઈ મેસિયા (શિક્ષક વંથલી)ના પુત્ર થાય છે.

**રાજકોટ**

સ્વ. દિનેશભાઈ હરિદાસ ચોલેરા (ઉ.વ.૬૫) નું તા.૧૪/૦૭/૨૦૨૬ને મંગળવારના રોજ શ્રીજી ચરણ પામેલ છે. તે સ્વ.હરિદાસભાઈ પરમાનંદદાસ ચોલેરા તથા ગ.સ્વ.કાંતાબેન હરિદાસ ચોલેરાના પુત્ર તથા ગીતાબેનના પતિ, કલ્પેશભાઈ ચોલેરાના મોટાભાઈ તથા બીજલબેન કલ્પેશભાઈ ચોલેરાના જેઠ, શગુનના મોટા પપ્પા અને સ્વ. ભગવાનજીભાઈ જમનાદાસ સિમરિયાના જમાઈ તથા હરેશભાઈ ભગવાનજીભાઈ સિમરિયાના બનેવી થાય છે. તેમનુ સદગત બેસણુ તા.૧૬/૦૭/૨૦૨૬ને ગુરૂવારના રોજ સાંજે ૫:૦૦ થી ૬:૦૦ વાગ્યા સુધી પારસ સોસાયટી કમ્યુનિટી હોલ, પારસ સોસાયટી, નિર્મલા કોન્વેન્ટ સ્કૂલ સામે, રાજકોટ રાખેલ છે. (પિયર પક્ષની સાદડી સાથે રાખેલ છે.)

# અમરેલીના વિકાસ કાર્યોની સમીક્ષા બેઠક યોજાઈ



અમરેલી,તા.૧૫

અમરેલી જિલ્લામાં ચાલી રહેલા વિવિધ વિકાસ પ્રોજેક્ટોની સમીક્ષા માટે કેબિનેટ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાની અધ્યક્ષતામાં મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. બેઠકમાં રાજ્યકક્ષાના મંત્રી કૌશિકભાઈ વેકરિયા અને પ્રવીણભાઈ માળી ઉપસ્થિત રહ્યા હતા. વિકાસ કાર્યોમાં ગતિ લાવવા અને જનહિતના પ્રોજેક્ટોને સમયમર્યાદામાં પૂર્ણ કરવા અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. ખાસ કરીને માર્ગ વિકાસ, જાહેર સુવિધાઓ અને વિવિધ વિભાગોના ચાલુ કામોની પ્રગતિ અંગે અધિકારીઓ પાસેથી માહિતી લેવામાં આવી હતી.

સાવરકુંડલા-લીલીયાના ધારાસભ્ય મહેશ કસવાળાએ જિલ્લાના વિકાસને લગતા મુદ્દાઓ રજૂ કરી સૂચનો આપ્યા હતા. બેઠકમાં અમરેલીના સાંસદ ભરત સુતરીયા, જે.વી. કાકડીયા, જનક તળાવિયા સહિતના આગેવાનો પણ હાજર રહ્યા હતા અને વિકાસ કાર્યોને વધુ અસરકારક બનાવવા અંગે ચર્ચા કરી હતી.

# જાફરાબાદમાં યુવક સાથે ઝપાઝપી કરી જાનથી મારવાની ધમકી આપી

જાફરાબાદ, તા.૧૫

જાફરાબાદમાં યુવક સાથે ઝપાઝપી કરી જાનથી મારવાની ધમકી આપવામાં આવી હતી. પ્રકાશભાઈ બાબુભાઈ શિયાળ (ઉ.વ.૩૫)એ જીગ્નેશભાઈ જશાભાઈ રાઠોડ, જયદિપભાઈ જશાભાઈ રાઠોડ તથા જશાભાઈ રાઠોડ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, તેઓ તેમના મિત્રો સાથે જાફરાબાદ લાઈટ હાઉસ ખાતે બેઠા હતા ત્યારે આરોપી જીગ્નેશભાઈ રાઠોડનો ફોન તેમના મિત્રમાં આવ્યો હતો અને કહ્યું હતું કે તમે અહીં કોલોનીના પાછળના ગેઈટના પાનના ગલ્લા પાસે આવો. જેથી તેઓ અને તેમના મિત્રો ત્યાં પહોંચ્યા ત્યારે આરોપીઓએ તેમને તથા સાહેદને ગાળો આપી હતી. તેમજ આવેશમાં આવી હુમલો કર્યો હતો.ઉપરાંત ઝપાઝપી કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.



અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ
વ્હીલ - પ્લેટ - ઘરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ,
ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.


**-//એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ લીલીયાની કોર્ટમાં//-**

જન્મ રજી.નં.૭૧/૨૦૨૬

શ્રી વિલાસબેન વિનુભાઈ નાકરાણી
રહે.આંબા, તા.લીલીયા જિ.અમરેલી
.........અરજદાર

-: વિરૂધ્ધ :-

જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત-વ-તલાટી કમ મંત્રીશ્રી, આંબા ........સામાવાળા

**જાહેર નોટીસ**

**બાબત :- જન્મ-મરણ અધિનીયમ કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદરાશ્રી વિલાસબેન વિનુભાઈ નાકરાણીની પુત્રી હેતલબેન વિનુભાઈ નાકરાણીનો જન્મ તા.૧૪/૦૬/૧૯૯૯ના રોજ કણકોટ મોટા મુકામે થયેલ છે. અને તેમના જન્મ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળા ને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં લેખીત વાંધો રજુ કરવો.લેખીત વાંધો રજુ ન થયેથી વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૦/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સીક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
લીલીયા


ડ્રીમ ફેમિલી સ્પાની ધમાકા ઓફર
Dream Family spa
Ladies & Gents
ડ્રીમ ફેમેલી સ્પા

ભાઈઓ માટે Rs.1399/-માં પ્રીમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૪૫ મિનીટ
બહેનો માટે Rs.699/-માં પ્રીમીયમ મસાજ
કપલ માટે Rs.1399/-માં પ્રીમીયમ મસાજ
Appointment Now
Mo.8160832025
ADRESS : સાવર કુંડલા ચોકડી, રીંગ રોડ, RTO office ની બજુમા
અમરેલી - 365601


**-//એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ લીલીયાની કોર્ટમાં//-**

જન્મ રજી.નં.૭૨/૨૦૨૬

શ્રી આરીફભાઈ રહેમાનભાઈ ચાવડા
રહે.લીલીયા મોટા, સિપાઈ શેરી, તા.લીલીયા જિ.અમરેલી
.........અરજદાર

-: વિરૂધ્ધ :-

જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત-વ-તલાટી કમ મંત્રીશ્રી, લીલીયા મોટા ........સામાવાળા

**જાહેર નોટીસ**

**બાબત :- જન્મ-મરણ અધિનીયમ કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદરાશ્રી આરીફભાઈ રહેમાનભાઈ ચાવડાનો પોતાનો જન્મ તા.૦૭/૦૨/૧૯૮૨ના રોજ લીલીયા મોટા મુકામે થયેલ છે. અને તેમના જન્મ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળા ને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં લેખીત વાંધો રજુ કરવો.લેખીત વાંધો રજુ ન થયેથી વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૦/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સીક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
લીલીયા

**-//એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ લીલીયાની કોર્ટમાં//-**

જન્મ રજી.નં.૬૬/૨૦૨૬

શ્રી નાગજીભાઈ છગનભાઈ સોજીત્રા
રહે.નાના લીલીયા, તા.લીલીયા જિ.અમરેલી
.........અરજદાર

-: વિરૂધ્ધ :-

જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત-વ-તલાટી કમ મંત્રીશ્રી, નાના લીલીયા ........સામાવાળા

**જાહેર નોટીસ**

**બાબત :- જન્મ-મરણ અધિનીયમ કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદરાશ્રી નાગજીભાઈ છગનભાઈ સોજીત્રાની પુત્રી ભાનુબેન નાગજીભાઈ સોજીત્રાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૬૧ના રોજ નાના લીલીયા મુકામે થયેલ છે. અને તેમના જન્મ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળા ને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં લેખીત વાંધો રજુ કરવો.લેખીત વાંધો રજુ ન થયેથી વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૦/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સીક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
લીલીયા

**-//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૩૪૬/૨૦૨૬ — તા.૧૩/૦૭/૨૦૨૬

અરજદારશ્રી:- ૧. શારદાબેન શામજીભાઈ વાડદોરીયા વાઈફ ઓફ જયંતીભાઈ હિરાણી
રહે.બી-૧૯, ધર્મીસ્ઠા પાર્ક સોસાયટી, સવજી કોરાટ બ્રીજ પાસે,
નાના વરાછા, સુરત

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧. તલાટી કમ મંત્રીશ્રી, સાકરપરા, તા.સાવરકુંડલા,

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી શારદાબેન શામજીભાઈ વાડદોરીયાનો જન્મ તા.૨૫/૦૫/૧૯૬૨ ના રોજ મુ.સાકરપરા, તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૯/૦૮/૨૦૨૬ ના રોજ ૧૬:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી.
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા

**અમારા કહ્યામાં નથી**

**જાહેર નોટિસ**



હું, કનુભાઈ દેવજીભાઈ ચાવડા (Kanubhai Devjibhai Chavda), જાહેર જનતાને જાણ કરું છું કે મારો પુત્ર અતુલ કનુભાઈ ચાવડા (Atul Kanubhai Chavda) છેલ્લા ઘણા સમયથી મારા પરિવારની ઈચ્છા વિરુદ્ધ વર્તન કરતો હોવાથી અને મારી સાથે કોઈ સંબંધ રાખતો ન હોવાથી, આજની તારીખ ૧૪-૦૭-૨૦૨૬ થી હું તેની સાથેના મારા તમામ સામાજિક અને વ્યવહારિક સંબંધો સમાપ્ત કરું છું.

આથી જાહેર જનતાને સૂચિત કરવામાં આવે છે કે આજની તારીખ ૧૪-૦૭-૨૦૨૬ થી અતુલ કનુભાઈ ચાવડા દ્વારા મારા નામે કરવામાં આવતી કોઈપણ પ્રકારની નાણાકીય લેવડદેવડ, ઉધાર, જામીનગીરી, કરાર અથવા અન્ય કોઈપણ વ્યવહાર માટે હું કોઈપણ રીતે જવાબદાર રહીશ નહીં.

તારીખ : ૧૪-૦૭-૨૦૨૬ — સહી
સ્થળ: અમરેલી — (કનુભાઈ દેવજીભાઈ ચાવડા)

# અમરેલીમાં નગરપાલિકાઓની સંકલન સમિતિની બેઠક યોજાઈ

**બેઠકમાં ઉર્જામંત્રી કૌશિક વેકરીયા સહિત જિલ્લાના ધારાસભ્યો હાજર રહ્યા**




અમરેલી,તા.૧૫

ભાવનગરના પ્રાદેશિક કમિશનરના અધ્યક્ષસ્થાને અમરેલી કલેક્ટર કચેરી ખાતે નગરપાલિકાઓની સંકલન સમિતિની એક મહત્વની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયા અને જિલ્લાના વિવિધ ધારાસભ્યો સહિત ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા. તાજેતરમાં થયેલા ભારે વરસાદને કારણે શહેરી વિસ્તારોના રસ્તાઓને થયેલા નુકસાનનું તાત્કાલિક સમારકામ કરવા તમામ નગરપાલિકાઓને કડક સૂચના આપવામાં આવી છે. આ ઉપરાંત, સ્વચ્છતા અભિયાન અને નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલની માર્ગદર્શિકા મુજબ ઘન કચરાના વૈજ્ઞાનિક નિકાલની કામગીરીની પણ વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી.

# બાબરાના ખાનપર ગામે સાથળીની જમીનમાં લેવલિંગ કરતી વખતે માથાકૂટ

બાબરા, તા.૧૫

બાબરાના ખાનપર ગામે સાથળીની જમીનમાં લેવલિંગ કરતી વખતે માથાકૂટ થતાં બંને પક્ષોએ સામ સામી ફરિયાદ નોંધાવી હતી. વાવડા ગામે રહેતા મધુભાઈ માવજીભાઈ મેવાડા (ઉ.વ.૪૬)એ બાબરાના ખાનપર ગામે રહેતા કાનાભાઈ કુરજીભાઈ મકવાણા, કેશુભાઈ નારણભાઈ મકવાણા, ભોળાભાઈ ભોજાભાઈ મકવાણા, ચોથાભાઈ નારણભાઈ મકવાણા તથા નાની કુંડળ ગામના મેહુલભાઈ અરવિંદભાઈ રાઠોડ સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમના પિતાને ખાનપર ગામે મળેલી સાથળીની જમીનમાં તેઓ તથા સાહેદો લેવલિંગનું કામ કરતા હતા ત્યારે આરોપી કાનાભાઈ મકવાણા લાકડાનો ધોકો તથા કેશુભાઈ મકવાણા ધારીયુ તથા ભોળાભાઈ મકવાણા કુહાડી લઈ આવ્યા હતા. તમામ આરોપીએ તેમને અપશબ્દો બોલીને જાનથી મારવાની ધમકી આપી હતી. જે બાદ નાની કુંડળ ગામના મેહુલભાઈ અરવિંદભાઈ રાઠોડ (ઉ.વ.૨૧) એ વાવડા ગામના મધુભાઈ માવજીભાઈ મેવાડા, વિજયભાઈ માવજીભાઈ વાવડા તથા જસદણના શીવરાજભાઈ કથુભાઈ દરબાર અને ઉદયભાઈ માલા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ આરોપીઓ તેમની ખેતીની જમીનની સામે સરકારી જમીનમાં તથા તેમની વાડીમાં આવવા જવાના રસ્તામાં ખોદકામ કરતા હતા. જેથી તેમણે આરોપીઓને પોતાની વાડીમાં આવવા જવાના રસ્તામાં ખોદકામ કરવાની ના પાડતા સારૂ લાગ્યું નહોતું. આરોપીઓએ તેમને ગાળો આપી, ટાંટીયા ભાંગી નાખવાની તથા જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# જિલ્લામાં સ્વાતંત્ર્ય દિનની રાજ્યકક્ષાની ઉજવણીને લઈ વહીવટી તંત્ર દ્વારા તૈયારીઓ

અમરેલ,તા.૧૫

અમરેલી જિલ્લામાં આગામી ૧૫ ઓગસ્ટ, ૨૦૨૬ના સ્વાતંત્ર્ય દિનની રાજ્યકક્ષાની ઉજવણી યોજાવાની હોવાથી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તૈયારીઓનો પ્રારંભ કરવામાં આવ્યો છે. સરકારના માર્ગદર્શન મુજબ વિવિધ કાર્યક્રમોનું આયોજન સુનિશ્ચિત કરવા સંબંધિત વિભાગોને જરૂરી કાર્યવાહી હાથ ધરવા સૂચના આપવામાં આવી છે.

આ ઉજવણી અંતર્ગત ધ્વજવંદન, એટ-હોમ સમારોહ અને સાંસ્કૃતિક કાર્યક્રમના સ્થળો નક્કી કરી તેમની રૂપરેખા તૈયાર કરવામાં આવશે. ધ્વજવંદન તેમજ ૧૪ ઓગસ્ટે યોજાનારા એટ-હોમ અને સાંસ્કૃતિક કાર્યક્રમ માટે મિનિટ-ટુ-મિનિટ કાર્યક્રમ અને ડાયસ પ્લાન તૈયાર કરીને મંજૂરી માટે રજૂ કરવામાં આવશે.સાંસ્કૃતિક કાર્યક્રમ દરમિયાન જિલ્લાના પ્રતિષ્ઠિત નાગરિકોનું સન્માન કરવામાં આવશે, જેના માટે પોલીસ વેરિફિકેશન બાદ યાદી તૈયાર કરવામાં આવશે. ઉપરાંત સન્માનપત્રનો નમૂનો, મુખ્યમંત્રીના હસ્તે થનારા લોકાર્પણ અને ભૂમિપૂજનના સૂચિત વિકાસકાર્યોની યાદી, અંદાજિત ખર્ચ, ઉચ્ચ અધિકારીઓના આવાસની વ્યવસ્થા, કાર્યક્રમના સંચાલન માટે એનાઉન્સરો તથા શૌર્યગીતો અને રાષ્ટ્રગાન માટે કલાકારોની ટીમ પણ નક્કી કરવામાં આવશે.સમગ્ર રાજ્યકક્ષાની ઉજવણીનું આયોજન જિલ્લાના પ્રભારી મંત્રી અને પ્રભારી સચિવના માર્ગદર્શન હેઠળ તૈયાર કરવામાં આવશે અને અંતિમ મંજૂરી માટે રાજ્ય સરકારને મોકલવામાં આવ્યા બાદ ફાઈનલ થશે કાર્યક્રમધ્વજવંદન કાર્યક્રમ માટે ૧૧, ૧૨ અને ૧૩ ઓગસ્ટ દરમિયાન તબક્કાવાર રિહર્સલ યોજાશે. પ્રથમ રિહર્સલ કલેક્ટરની ઉપસ્થિતિમાં, બીજી રિહર્સલ રેન્જ આઈજીપીની ઉપસ્થિતિમાં અને ૧૩ ઓગસ્ટે પ્રભારી સચિવની ઉપસ્થિતિમાં ફૂલ ડ્રેસ અંતિમ રિહર્સલ યોજાશે.

# ધારી તાલુકાના તરશીંગડા ગામે પરિણીતાને સાસિરયાએ ઘરેથી કાઢી મુકી

**સાવરકુંડલા આવીને પોલીસ ફરિયાદ નોંધાવી**

સાવરકુંડલા, તા.૧૫

સાવરકુંડલાની પરિણીતા પર ધારીના તરશીંગડા ગામે સાસરિયાએ સિતમ ગુજાર્યો હતો. તેમજ પહેરાલા કપડાએ ઘરેથી કાઢી મુકી હતી. બનાવ સંદર્ભે રીનાબેન ઘનશ્યામભાઈ બજાણીયા (ઉ.વ.૨૪) એ પતિ-ઘનશ્યામભાઈ કાળુભાઈ બજાણીયા, સાસુ-કાંતુબેન કાળુભાઈ બજાણીયા, જેઠાણી-કાજલબેન ભરતભાઈ બજાણીયા તથા જેઠ-ભરતભાઈ કાળુભાઈ બજાણીયા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ આરોપીઓએ તેમને ઘરકામ બાબતે મેણાટોણા મારી શારીરીક માનસિક દુઃખ ત્રાસ આપ્યો હતો. તેમજ અવાર-નવાર ઝગડાઓ કરી, ગાળો બોલી, માર મારી ઘરેથી પહેરેલા કપડે કાઢી મુક્યા હતા. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એન. એન. ખસતીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# સા.કુંડલાના ગોરડકા નજીક એસ.ટી. બસ અને કાર વચ્ચે અકસ્માત, જાનહાની નહી



અમરેલી,તા.૧૫

સાવરકુંડલા તાલુકાના ગોરડકા ગામ નજીક આજે સરકારી એસ.ટી. બસ અને એક ફોરવ્હીલ વાહન વચ્ચે અકસ્માત સર્જાયો હતો. અકસ્માતની અસરથી બસ રસ્તા પરથી નીચે ખાળિયામાં ઉતરી ગઈ હતી. ઘટનાને પગલે થોડા સમય માટે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. જોકે આ અકસ્માતમાં કોઈ જાનહાનિ નોંધાઈ નથી. બસમાં મુસાફરી કરી રહેલા તમામ મુસાફરો તેમજ ફોરવ્હીલ વાહનમાં બેઠેલા લોકોનો આબાદ બચાવ થયો હતો. પ્રાથમિક માહિતી મુજબ બંને વાહનોને સામાન્ય નુકસાન પહોંચ્યું છે.

# રાજુલામાંથી રૂ. ૨.૫૦ લાખના સુકા ગાંજા સાથે એક ઝડપાયો



રાજુલા, તા.૧૫

અમરેલી સ્પેશિયલ ઓપરેશન ગ્રુપની ટીમે રાજુલા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા બીડીકામદાર વિસ્તારમાં એક રહેણાંક મકાન પર રેઈડ પાડીને ૫ કિલો કરતાં વધુ સુકા ગાંજાના જથ્થા સાથે એક શખસને ઝડપી પાડ્યો હતો. પોલીસે માદક પદાર્થ અને અન્ય સામગ્રી સહિત કુલ રૂપિયા ૨,૫૦,૬૫૦ નો મુદામાલ જપ્ત કર્યો હતો.

અમરેલી એસ.ઓ.જી.ના પોલીસ ઈન્સ્પેક્ટર બી.જી. ઈશરાણી અને તેમની ટીમ રાજુલા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન ટીમને ખાનગી રાહે ચોક્કસ બાતમી હકીકત મળી હતી કે રાજુલા-સાવરકુંડલા બાયપાસ રોડ નજીક આવેલા બીડી કામદાર વિસ્તારમાં કેફી પદાર્થનો જથ્થો છુપાવવામાં આવ્યો છે. બાતમીના આધારે પોલીસે ત્વરિત કાર્યવાહી કરીને મથુરભાઈ ઘૈયાભાઈ શિયાળના મકાનમાં દરોડો પાડ્યો હતો. પોલીસે આરોપીના મકાનમાંથી વનસ્પતિજન્ય માદક પદાર્થ સુકા ગાંજાનો પેકેટમાં રાખેલો જથ્થો ઝડપી પાડ્યો હતો. તોલમાપ કરતાં આ જથ્થો કુલ ૫.૦૦૩ કિલોગ્રામ હોવાનું સામે આવ્યું હતું, જેની બજાર કિંમત અંદાજે ૨,૫૦,૧૫૦ થાય છે. આ ઉપરાંત પોલીસે ઘટનાસ્થળેથી નશાના કારોબારમાં વપરાતી અન્ય ચીજવસ્તુઓ પણ કબ્જે કરી હતી. પોલીસે આરોપી વિરુદ્ધ નાર્કોટીક્સ ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ એક્ટ હેઠળ ગુનો નોંધીને આ ગાંજાનો જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને સ્થાનિક સ્તરે કોને સપ્લાય કરવાનો હતો, તે દિશામાં રાજુલા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિઃ શૂકલપક્ષ બીજ
તા.૧૬-૦૭-૨૦૨૬, ગુરુવાર, સૂર્યોદય-૦૬:૦૭,
સૂર્યાસ્ત-૦૭:૨૩, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: મેઘા

## દૈનિક રાશિફળ

**તા.૧૬-૦૭-૨૦૨૬ ગુરુવાર**

મેષઃ આજે કોઇપણ નવા કાર્યને શરૂ કરવા માટે સમય અનુકૂળ છે. તમારામાં નવી વસ્તુઓને જાણવાની ઇચ્છા રહેશે.

વૃષભઃ તમને કોઇ સારી સફળતા મળવાની છે. તમારાથી આ સમયે કોઇ ભૂલ થવાની શક્યતા છે. તણાવને હાવી થવા દેશો નહીં.

મિથુન:જેટલો વધારે પરિશ્રમ કરશો તેટલું જ અનુકૂળ પરિણામ પણ પ્રાપ્ત થશે. દૈનિક કાર્યોને શાંતિથી પૂર્ણ કરશો.

કર્કઃ પાર્ટનરશિપને લગતા કાર્યોમાં પારદર્શિતા જાળવી રાખવી જરૂરી છે. તમારી દિનચર્યાને લગતા કાર્યોમાં સંપૂર્ણ ઊર્જા લગાવીને ધ્યાન આપી શકશો.

સિંહઃ પરિવાર સાથે હરવા-ફરવા તથા ડિનરનો પ્રોગ્રામ બનશે. કોઇ જૂના મિત્ર સાથે મુલાકાત થવાથી વિતેલી યાદો તાજા થશે.

કન્યાઃ તમારા વિરોધીઓની ગતિવિધિઓ ઉપર નજર રાખો. વેપારમાં આજે કોઇ કામ પ્રત્યે વધારે મહેનતની જરૂરિયાત છે.

તુલાઃ સંબંધોને મજબૂત જાળવી રાખવાની તમારી કોશિશ સફળ થશે. સંબંધો ગાઢ બનશે. તમે તે દરેક વસ્તુ પ્રાપ્ત કરવાની કોશિશ કરશો,

વૃશ્ચિક:પરિવારમાં વાતાવરણ સુખદ રહેશે. ધર્મ અને અધ્યાત્મ પ્રત્યે તમારો વધતો વિશ્વાસ પણ તમને શાંતિ અને માનિસક સુખ આપશે.

ધનઃ વેપારમાં નવી પાર્ટીઓ તથા નવા લોકો સાથે વ્યવહાર કરતી સમયે થોડું સાવધાન રહો. સ્વાસ્થ્યને લગતી પરેશાની થઇ શકે છે.

મકર:તમારી સહનશક્તિમાં ઘટાડો ન આવવા દેશો. બપોર પછી સમય ખૂબ જ શાંતિપૂર્ણ અને અનુકૂળ છે. અન્ય માટે પ્રેરણાદાયી રહેશે.

કુંભઃ રાજનૈતિક તથા અનુભવી વ્યક્તિની સલાહ તથા મદદ તમારા વ્યવસાયને નવી દિશા પ્રદાન કરશે. સ્વાસ્થ્ય ઠીક રહેશે.

મીન:આ સમયે કોઇપણ પ્રકારનું દેવુ લેવાથી બચવું. વેપારમાં ફાયદો આપતી નવી યોજનાઓ બનશે.

# રાજુલામાં ફ્લેટમાં ફસાયેલા બાળકનું રેસ્ક્યુ કરાતા પરિવારજનોને હાશકારો



અમરેલી,તા.૧૫

રાજુલા શહેરમાં મોડી રાત્રે એક ૯ વર્ષનો બાળક ફ્લેટમાં ફસાઈ જતાં ચિંતાનો માહોલ સર્જાયો હતો. જાફરાબાદ રોડ પર આવેલા રિધ્ધિ સિધ્ધિ એપાર્ટમેન્ટના બીજા માળે આ ઘટના બની હતી. મળતી માહિતી મુજબ પરિવારના સભ્યો કોઈ કામસર બહાર ગયા હતા ત્યારે બાળક ઘરમાં એકલો હતો. આ દરમિયાન ફ્લેટનો દરવાજો અંદરથી લોક થઈ જતાં બાળક બહાર આવી શક્યો નહોતો. બાળકના ફસાઈ જવાની જાણ થતા આસપાસના લોકો એકત્ર થયા હતા અને તાત્કાલિક ૧૧૨ ઈમરજન્સી સેવા તેમજ રાજુલા નગરપાલિકાની ફાયર ટીમને જાણ કરવામાં આવી હતી. બંને ટીમે સંયુક્ત રીતે કામગીરી હાથ ધરી હતી. લાંબી જહેમત બાદ બાળકને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યો હતો. ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નહોતી અને પરિવારજનોએ રાહતનો શ્વાસ લીધો હતો.

# અમરેલીમાં વેપારીને ઢીકાપાટુ મારી જાનથી મારવાની ધમકી આપી

અમરેલી, તા.૧૫

અમરેલીમાં એક વેપારીને ઢીકાપાટુ મારી જાનથી મારવાની ધમકી આપવામાં આવી હતી. બનાવ અંગે કિશનભાઈ અશોકભાઈ રામાણી (ઉ.વ.૩૦)એ યશભાઈ નકુમ તથા અજાણ્યા ઈસમ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ કામના તેઓ તથા તેમના મિત્રો ગત રાત્રીના લાઠી રોડ ઉપર આવેલ વર્ધમાન ક્રિકેટ બોક્ષમાં ક્રિકેટ રમવા ગયા હતા. તે સમયે યશભાઈ નકુમ ક્રિકેટ બોક્ષની દેખરેખ રાખનાર દાદાને ગાળો આપતો હતો. જેથી તેમણે ગાળો આપવાની ના પાડતા ચારેય આરોપીઓ ઉશ્કેરાઇ જઇ તેમને ગાળો આપી ઢીકાપાટુનો મુંઢ માર મારી માથાના ભાગે ઈજા કરીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ ડી.વી.સરવૈયા વધુ તપાસ કરી રહ્યા છે.


**-//એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ લીલીયાની કોર્ટમાં //-**

જન્મ રજી.નં.૭૩/૨૦૨૬

શ્રી આરીફભાઈ રહેમાનભાઈ ચાવડા
રહે.લીલીયા મોટા, સિપાઈ શેરી, તા.લીલીયા જિ.અમરેલી
.........અરજદાર

-: વિરૂધ્ધ :-

જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત-વ-તલાટી કમ મંત્રીશ્રી, લીલીયા મોટા ........સામાવાળા

**જાહેર નોટીસ**

**બાબત :- જન્મ-મરણ અધિનીયમ કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારાશ્રી આરીફભાઈ રહેમાનભાઈ ચાવડાના પુત્ર આદીલ આરીફભાઈ ચાવડાનો જન્મ તા.૦૩/૦૫/૨૦૦૮ના રોજ લીલીયા મોટા મુકામે થયેલ છે. અને તેમના જન્મ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળા ને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં લેખીત વાંધો રજુ કરવો.લેખીત વાંધો રજુ ન થયેથી વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૦/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સીક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
લીલીયા



**મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર**

**કોર્ટ રોડ, વિસાવદર**

નં. એમએજી/કેસ નં.૭૬/૨૦૨૬ તા.૧૪/૦૭/૨૦૨૬

શ્રી નટુભાઈ નાગજીભાઈ રીબડીયા,
રહે.પ્રેમપરા, તા. વિસાવદર, જી. જુનાગઢ
........અરજદાર

-::વિરૂધ્ધ::-

જન્મ-મરણ રજીસ્ટ્રાર અને ચીફ ઓફીસરશ્રી,
નગરપાલિકા-વિસાવદર, તા. વિસાવદર .........સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અરજદાર નટુભાઈ નાગજીભાઈ રીબડીયા રહે. પ્રેમપરા, તા. વિસાવદર, જુનાગઢ. એ તેમના પુત્ર શ્રી પ્રફુલ નટુભાઈ રીબડીયાનો જન્મ તા.૧૨/૦૬/૧૯૮૦ ના રોજ વિસાવદર તાલુકાના વિસાવદર ગામ મુકામે થયેલ છે જેની નોંધ જન્મ/મરણ રજીસ્ટ્રાર અને ચીફ ઓફીસરશ્રી નગરપાલિકા-વિસાવદર, તા.વિસાવદરના જન્મ-મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને ચીફ ઓફીસરશ્રી નગરપાલિકા-વિસાવદર, તા.વિસાવદરના જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૧૪ જુલાઈ ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું.

તૈયાર કરનાર
સહી.
(એન.જી.ધાંધલ્યા)
નાયબ મામલતદાર
વિસાવદર

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી.
(આર.એન.ખોડભાયા)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
વિસાવદર



**મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર**

**કોર્ટ રોડ, વિસાવદર**

નં. એમએજી/કેસ નં.૭૭/૨૦૨૬ તા.૧૪/૦૭/૨૦૨૬

શ્રી ઠાકરશીભાઈ હરીભાઈ રીબડીયા,
રહે.પ્રેમપરા, તા. વિસાવદર, જી. જુનાગઢ
........અરજદાર

-::વિરૂધ્ધ::-

જન્મ-મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી
પ્રેમપરા, તા. વિસાવદર .........સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અરજદાર શ્રી ઠાકરશીભાઈ હરીભાઈ રીબડીયા રહે.પ્રેમપરા, તા. વિસાવદર, જી. જુનાગઢ. એ તેમના ભાઈ શ્રી કાન્તીલાલ હરીભાઈ રીબડીયાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૫૬ ના રોજ વિસાવદર તાલુકાના પ્રેમપરા ગામ મુકામે થયેલ છે જેની નોંધ જન્મ/મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, પ્રેમપરા તા.વિસાવદરના જન્મ-મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, પ્રેમપરા, તા.વિસાવદરના જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૧૪ જુલાઈ ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું.

તૈયાર કરનાર
સહી.
(એન.જી.ધાંધલ્યા)
નાયબ મામલતદાર
વિસાવદર

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી.
(આર.એન.ખોડભાયા)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
વિસાવદર

તંત્રી લેખ

# વિશ્વયુધ્ધનો ભયંકર સંકેત

ઇતિહાસ સાક્ષી છે કે જ્યારે પણ મહાસત્તાઓ પોતાના સૌથી સંવેદનશીલ શસ્ત્રો અથવા વ્યૂહાત્મક સાધનોને જાહેરમાં તહેનાત કરે છે, ત્યારે તે માત્ર સૈન્ય શક્તિનું પ્રદર્શન નથી હોતું, પરંતુ એક મહત્વપૂર્ણ રાજનૈતિક સંદેશ પણ હોય છે. તાજેતરમાં એવી ચર્ચાઓ થઈ રહી છે કે રશિયાનું IL-૮૦ 'ડૂમ્સડે પ્લેન' તેહરાન પહોંચ્યું છે. જો કે, આ દાવાની સ્વતંત્ર અને સત્તાવાર પુષ્ટિ ઉપલબ્ધ નથી. તેમ છતાં, જો આવું પગલું લેવામાં આવ્યું હોય, તો તેની પાછળના વ્યૂહાત્મક સંકેતોને સમજવું જરૂરી બને છે. IL-૮૦ એક વિશેષ પ્રકારનું એરબોર્ન કમાન્ડ પોસ્ટ વિમાન છે, જે પરમાણુ યુધ્ધ જેવી કટોકટીની સ્થિતિમાં દેશના સર્વોચ્ચ નેતૃત્વને સુરક્ષિત સંચાર અને કમાન્ડ સુવિધા પૂરી પાડવા માટે તૈયાર કરવામાં આવ્યું છે. તેની રચના એવી રીતે કરવામાં આવી છે કે ઈલેક્ટ્રોમેગ્નેટિક પલ્સ (EMP), સાયબર હુમલા અને અન્ય ગંભીર જોખમો વચ્ચે પણ તે કાર્યરત રહી શકે. આ વિમાનમાં આધુનિક સંચાર વ્યવસ્થા અને કમાન્ડ સેન્ટર હોય છે, જેના દ્વારા દેશના સૈન્ય દળો સાથે સતત સંપર્ક જાળવી શકાય છે. આવા વિમાનોની હિલચાલ પર વિશ્વભરના સંરક્ષણ વિશ્લેષકો સતત નજર રાખતા હોય છે. જો ખરેખર આ વિમાન તેહરાન પહોંચ્યું હોય, તો તે રશિયા અને ઈરાન વચ્ચે વધતા વ્યૂહાત્મક સહકારનો સંકેત માનવામાં આવી શકે.

છેલ્લા કેટલાક વર્ષોમાં બંને દેશોએ સંરક્ષણ, ઊર્જા અને વેપાર સહિતના અનેક ક્ષેત્રોમાં સહયોગ વધાર્યો છે. યુક્રેન યુધ્ધ પછી બંને દેશો વચ્ચેના સંબંધો વધુ ગાઢ બન્યા છે. આવી સ્થિતિમાં, આ પ્રકારની મુલાકાતને માત્ર સૈન્ય હિલચાલ નહીં, પરંતુ રાજદ્વારી અને વ્યૂહાત્મક સંદેશ તરીકે પણ જોવામાં આવે છે. આ ઘટનાને પશ્ચિમી દેશો ગંભીરતાથી નિહાળી રહ્યા છે. અમેરિકા અને તેના સાથી દેશો માટે આવું પગલું મધ્યપૂર્વની સુરક્ષા પરિસ્થિતિને વધુ જટિલ બનાવી શકે છે. જોકે, હાલમાં એવી કોઈ જાહેર અને સત્તાવાર માહિતી ઉપલબ્ધ નથી કે અમેરિકા અથવા નાટોએ આ મુદ્દે કટોકટી બેઠક બોલાવી હોય. તેથી, આવા દાવાઓને સાવધાનીપૂર્વક જોવાની જરૂર છે. ભૂરાજકીય તણાવની અસર વૈશ્વિક અર્થતંત્ર પર પણ જોવા મળે છે. મધ્યપૂર્વમાં કોઈપણ સંઘર્ષની આશંકા ઊભી થાય ત્યારે આંતરરાષ્ટ્રીય બજારમાં તેલના ભાવમાં વધારો થઈ શકે છે, કારણ કે હોર્મુઝની ખાડી વિશ્વના તેલ પરિવહન માટે અત્યંત મહત્વપૂર્ણ માર્ગ છે. આવી પરિસ્થિતિમાં રોકાણકારો સામાન્ય રીતે સોના જેવી સુરક્ષિત સંપત્તિઓ તરફ વળે છે અને વૈશ્વિક બજારોમાં અસ્થિરતા વધી શકે છે. આખરે, રશિયા, અમેરિકા, ઈરાન અને અન્ય મહાસત્તાઓ વચ્ચે વધતું વ્યૂહાત્મક તણાવ સમગ્ર વિશ્વ માટે ચિંતાનો વિષય છે. આવી સંવેદનશીલ પરિસ્થિતિમાં કોઈપણ ગેરસમજ અથવા ઉતાવળભર્યો નિર્ણય ગંભીર પરિણામો લાવી શકે છે. તેથી તમામ પક્ષોએ સંવાદ, પારદર્શિતા અને રાજદ્વારી માર્ગ અપનાવવો જરૂરી છે. વિશ્વની સુરક્ષા માત્ર અદ્યતન શસ્ત્રોમાં નથી, પરંતુ સંયમ, સમજદારી અને શાંતિપૂર્ણ વાટાઘાટોમાં રહેલી છે.

# ગીરની ગર્જના સાથે જવાબદાર સંરક્ષણનો નવો અધ્યાય


પ્રાસંગિક
સુરેશ દેસાઈ

ગીરના સિંહોના વર્તનમાં છેલ્લા કેટલાક વર્ષોથી નોંધપાત્ર પરિવર્તન જોવા મળી રહ્યું છે. અગાઉ મુખ્યત્વે જંગલના અંતરિયાળ વિસ્તારોમાં જોવા મળતા સિંહો હવે ગામોની સીમ, ખેતીવાડી વિસ્તાર અને ક્યારેક માનવ વસાહતોની નજીક પણ દેખાવા લાગ્યા છે. કેટલાક દુઃખદ બનાવોમાં માનવજીવનની હાનિ થતાં લોકોમાં સ્વાભાવિક રીતે ચિંતા વધી છે. જોકે, સમગ્ર ઘટનાક્રમને માત્ર ભયની દૃષ્ટિએ જોવાને બદલે પ્રકૃતિમાં થતા પરિવર્તનો, વૈજ્ઞાનિક અભિગમ અને અસરકારક વહીવટી કામગીરીના પરીપ્રેક્ષ્યમાં સમજવાની જરૂર છે. આ પડકારને ગુજરાત સરકારે ગંભીરતાથી સ્વીકારીને જે ઝડપ અને સંવેદનશીલતા સાથે વિવિધ પગલાં લીધાં છે, તે સમગ્ર દેશ માટે માર્ગદર્શક બની શકે તેવી બાબત છે. એક સમય એવો હતો જ્યારે એશિયાટિક સિંહના અસ્તિત્વ સામે જ પ્રશ્નચિહ્ન ઊભું થયું હતું. આજે સ્થિતિ સંપૂર્ણપણે બદલાઈ ગઈ છે. રાજ્ય સરકાર, વન વિભાગ, સ્થાનિક માલધારી સમાજ અને વન્યજીવ નિષ્ણાતોના દાયકાઓ સુધીના સંયુક્ત પ્રયાસોના પરિણામે ગીરના સિંહોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. આ સફળતા માત્ર ગુજરાતની સિધ્ધિ નથી, પરંતુ સમગ્ર વિશ્વમાં વન્યજીવ સંરક્ષણના શ્રેષ્ઠ મોડેલ તરીકે પણ તેની નોંધ લેવામાં આવી છે. સિંહોની વધતી સંખ્યાના પરિણામે યુવાન સિંહો નવા રહેઠાણ અને પોતાના વિસ્તારની શોધમાં જંગલની બહાર નીકળે છે, જે પ્રકૃતિની એક સ્વાભાવિક પ્રક્રિયા છે. હવામાનમાં થતા પરિવર્તનો, વરસાદની અનિશ્ચિતતા, જંગલની બહાર વિકસતી હરિયાળી તેમજ ખેતીવાડી વિસ્તારોમાં નીલગાય, જંગલી ભૂંડ અને અન્ય શાકાહારી પ્રાણીઓની ઉપલબ્ધતા જેવા અનેક પરિબળો સિંહોની હિલચાલને અસર કરે છે. પ્રાણીઓ હંમેશા પાણી, ખોરાક અને સુરક્ષિત રહેઠાણની શોધમાં રહે છે. જ્યાં આ ત્રણેય બાબતો સરળતાથી ઉપલબ્ધ હોય છે ત્યાં તેમનું આકર્ષણ વધે છે. તેથી જંગલની બહાર સિંહોની હાજરીને માત્ર તેમની આક્રમકતા તરીકે જોવાને બદલે તેને પર્યાવરણીય પરિવર્તનના એક ભાગ તરીકે સમજવાની જરૂર છે. તાજેતરના સમયમાં ગીર અને આસપાસના વિસ્તારોમાં સિંહોના હુમલાની કેટલીક ગંભીર ઘટનાઓ સામે આવી છે. દરેક ઘટના દુઃખદ અને ચિંતાજનક છે. આવી પરિસ્થિતિમાં વન વિભાગે વિશેષ અભિયાન હાથ ધરીને માનવ પર હુમલો કરનાર અથવા અસામાન્ય વર્તન દર્શાવતા સિંહોની ઓળખ કરી તેમને સુરક્ષિત રીતે પકડી નિરીક્ષણ હેઠળ રાખવાની કામગીરી શરૂ કરી છે. આ કામગીરીમાં અનુભવી પશુચિકિત્સકો, વન્યજીવ નિષ્ણાતો અને તાલીમબધ્ધ રેસ્ક્યૂ ટીમો સતત કાર્યરત રહે છે. આ ઉપરાંત સિંહોના સ્વાસ્થ્ય, વર્તન અને હિલચાલનું વૈજ્ઞાનિક રીતે વિશ્લેષણ કરીને ભવિષ્યમાં આવી ઘટનાઓને અટકાવવાના પ્રયાસો કરવામાં આવે છે. જોખમવાળા વિસ્તારોમાં દિવસ-રાત પેટ્રોલિંગ વધારવામાં આવ્યું છે. ગામલોકોને સમયસર ચેતવણી મળી રહે તે માટે લાઉડસ્પીકર, મોબાઈલ સંદેશા અને સ્થાનિક સંકલન વ્યવસ્થાને વધુ સક્રિય બનાવવામાં આવી છે. જ્યાં જરૂર જણાય છે ત્યાં વન વિભાગની ટીમો તાત્કાલિક સ્થળ પર પહોંચી પરિસ્થિતિને નિયંત્રણમાં લેવાનો પ્રયાસ કરે છે. આવી ઝડપી પ્રતિસાદ વ્યવસ્થાના કારણે અનેક સંભવિત અકસ્માતો અટકાવવામાં સફળતા મળી છે. આ કામગીરીથી લોકોમાં સુરક્ષાની ભાવના પણ મજબૂત બની છે. ગુજરાતનો વન વિભાગ હવે આધુનિક ટેક્નોલોજીનો વ્યાપક ઉપયોગ કરીને સિંહોના સંરક્ષણને વધુ વૈજ્ઞાનિક અને અસરકારક બનાવી રહ્યો છે. ડ્રોન સર્વેલન્સ, કેમેરા ટ્રેપ, જીપીએસ આધારિત ટ્રેકિંગ, ડિજિટલ ડેટા વિશ્લેષણ અને સ્માર્ટ મોનિટરિંગ સિસ્ટમ દ્વારા સિંહોની હિલચાલ પર સતત નજર રાખવામાં આવે છે. આ માહિતીના આધારે જોખમવાળા વિસ્તારોની અગાઉથી ઓળખ કરી શકાય છે અને સમયસર જરૂરી પગલાં લેવામાં સરળતા રહે છે. ટેક્નોલોજી અને માનવ અનુભવનું આ સંયોજન વન્યજીવ સંરક્ષણ ક્ષેત્રમાં નવી દિશા આપી રહ્યું છે. સિંહોને વારંવાર સ્થળાંતર કરાવવું અથવા તેમને માત્ર જોખમ તરીકે જોવું એ કાયમી ઉકેલ નથી. લાંબા ગાળે સાચો માર્ગ એ છે કે જંગલમાં પૂરતું પાણી, પૂરતો શિકાર અને વિશાળ રહેઠાણ ઉપલબ્ધ કરાવવામાં આવે. સાથે જ વન્યજીવ કોરિડોરને વધુ મજબૂત બનાવવાથી સિંહોની અવરજવર સુરક્ષિત બની શકે છે અને માનવ વસાહતો તરફ તેમનો પ્રવેશ ઘટાડી શકાય છે. રાજ્ય સરકાર આ દિશામાં આયોજનબધ્ધ રીતે કામગીરી કરી રહી છે, જેના કારણે માનવ અને વન્યજીવ વચ્ચે સંતુલિત સહઅસ્તિત્વ સ્થાપિત કરવાની દિશામાં મહત્વપૂર્ણ પ્રગતિ થઈ રહી છે. આ સમગ્ર પ્રક્રિયામાં ગામલોકોની જાગૃતિ પણ એટલી જ જરૂરી છે. સિંહ દેખાય ત્યારે ભીડ એકત્રિત ન કરવી, તેને ઉશ્કેરવાનો પ્રયાસ ન કરવો, સોશિયલ મીડિયા માટે જોખમી રીતે નજીક ન જવું અને તરત જ વન વિભાગને જાણ કરવી જેવી બાબતો અંગે લોકોમાં જાગૃતિ વધતી જઈ રહી છે. સરકાર અને વન વિભાગ દ્વારા આયોજિત જાગૃતિ કાર્યક્રમો, તાલીમ શિબિરો અને સ્થાનિક સ્તરે કરવામાં આવતી સમજણ આ દિશામાં ખૂબ અસરકારક સાબિત થઈ રહી છે. સ્થાનિક સમાજનો સહકાર વન્યજીવ સંરક્ષણની સફળતાનો મહત્વપૂર્ણ આધારસ્તંભ છે. ગીરના સિંહો આજે માત્ર એક વન્યજીવ નથી, પરંતુ ગુજરાતની પર્યાવરણીય પ્રતિબધ્ધતા, કુદરતી સમૃધ્ધિ અને સફળ સંરક્ષણ પ્રયાસોની જીવંત ઓળખ છે. વધતી સંખ્યાની સાથે ઉભા થતા નવા પડકારોને રાજ્ય સરકારે ગભરાટથી નહીં પરંતુ વૈજ્ઞાનિક આયોજન, ઝડપી વહીવટી કાર્યવાહી અને આધુનિક ટેકનોલોજીના ઉપયોગ દ્વારા સંભાળવાનો પ્રયાસ કર્યો છે. માનવજીવનની સુરક્ષા અને વન્યજીવ સંરક્ષણ વચ્ચે સંતુલન જાળવવાનો આ અભિગમ ખરેખર પ્રશંસનીય છે. આવનારા સમયમાં જો રાજ્ય સરકાર, વન વિભાગ, વૈજ્ઞાનિકો, સ્થાનિક સમાજ અને સામાન્ય નાગરિકો પરસ્પર સહયોગ અને જવાબદારીની ભાવના સાથે આગળ વધશે, તો ગીર સમગ્ર વિશ્વ સમક્ષ માનવ અને વન્યજીવના સફળ સહઅસ્તિત્વનું શ્રેષ્ઠ ઉદાહરણ બની રહેશે. વિકાસ અને પ્રકૃતિ વચ્ચેનું સંતુલન જાળવીને ગીરના સિંહોની ગર્જના આવનારી પેઢીઓ સુધી સુરક્ષિત રહે, તે જ ગુજરાતની સૌથી મોટી સફળતા ગણાશે. કુદરતના સંરક્ષણ અને માનવ સુરક્ષાના સમન્વય દ્વારા જ ગીરનું ગૌરવ અને એશિયાટિક સિંહોની અનોખી ઓળખ ભવિષ્યમાં પણ અવિચળ રહેશે.



**બદલાતું સિંહનું વર્તન : પડકાર નહી, સમજણની તક છે. વન્ય જીવો પણ પર્યાવરણનો એક ભાગ છે એક સમયે ગિરના સિંહ અને માલધારીઓ વચ્ચે એક પ્રકારનો સંબંધ હતો આ સંબંધ હવે તૂટતો જાય છે તેના વૈજ્ઞાનિક કારણો અને તેના ઉપાયો પણ અમલમાં મૂકવામાં આવી રહ્યા છે.**

## શબ્દ સંજોગ-૨૨૩૨




**આડી ચાવી :**
(૧) પચ્ચીસ પૈસા લઈને કયાં ગ્યો તો ? (૪)
(૪) પરીષદ, મુળાવડો (૨)
(૭) એક પ્રકારના ઝાડના રસનો બનતો પદાર્થ (૩)
(૯) સંદેશો, સંભાળ (૩)
(૧૦) એક વૃક્ષ કે તેનું લાકડું (૩)
(૧૨) પૂજામાં વપરાતું એક ફળ (૩)
(૧૩) દુધી (૨)
(૧૪) ....ના પારખા ન હોય (૨)
(૧૫) મૂળ ગામ કે દેશ (૩)
(૧૭) ગોડવણ, વ્યવસ્થા (૩)
(૨૦) પડ, સ્તર (૨)
(૨૨) એક જાતનો વેલો (૩)
(૨૪) ગુજરાતની એક નદી (૨)
(૨૬) સાવકી મા (૩)
(૨૮) બાળભાષામાં ચાવણું (૨)
(૩૦) રોગના જંતુઓની બનાવેલ દવા (૨)
(૩૧) ઘણીવાર નિર્દોષપણે કરેલી.....ભારે પડી જાય છે. (૩)
(૩૨) સંખ્યાની નિશાની, અડસટ્ટો (૨)
(૩૩) શતરંજનું એક મહોરૂં (૩)
(૩૪) ચેતતા....સદા સુખી (૨)

**ઉભી ચાવી :**
(૧) જેમ દુધમાં સાકર ભળે તેમ હિંદમાં ભળી જનાર પ્રજા (૩)
(૨) જોશમાં કે ક્રોધમાં આવેલું (૩)
(૩) રીત, પધ્ધતિ (૨)
(૫) એક ગુજરાતી વાનગી (૩)
(૬) પ્રવાહીથી ભરેલું, તરબોળ (૫)
(૮)રસોઈનો ધંધો કરનાર પુરૂષ (૪)
(૧૧) યાદદાસ્ત, નજર (૩)
(૧૫) આની કોઈજ દવા નથી (૩)
(૧૬) સ્ત્રીઓને પહેરવાનું એક ઘરેણું (૨)
(૧૮) જન્મ આપનારી મા (૩)
(૧૯) એક કુળ, જ્ઞાતિ (૨)
(૨૧) આદિત્ય, સૂર્ય (૨)
(૨૩) હિજરી સનનો નવમો માસ (૪)
(૨૫) ૬૦ વર્ષ પુરા થયાની ખુશાલીમાં ઉજવાતો ઉત્સવ એટલે..... મહોત્સવ (૩)
(૨૭) પતિની માતાની બહેનના પતિ (૩)
(૨૯) એક રાશી (૩)

## શબ્દ સંજોગ-૨૨૩૧ જવાબ

**આડી ચાવી:** (૧) પ્રસુન (૩) ઓરડો (૬) લવાદ (૮) નર્મદ (૧૦) નાર (૧૧) ઠેકાણું (૧૨) રાહુ (૧૩) ઠાઠમાઠ (૧૫) વાઘ (૧૬) પાડા (૧૮) વર (૨૦) સતી (૨૧) મનુ (૨૨) મોર (૨૩) સવાર (૨૫) બલા (૨૬) કોરડો (૨૭) સલામ. **ઉભી ચાવી:** (૧) પ્રસ્થાન (૨) નણંદ (૩) ઓથ (૪) ડોલર (૫) સદરહુ (૭) વા (૯) ર્મકઠ (કર્મઠ) (૧૦) નાણું (૧૧) ઠેઠ (૧૨) રાઘવ (૧૩) ઠામ (૧૪) માહિતી (૧૭) ડામર (૧૯) રતલામ (૨૦) સર (૨૨) મોકો (૨૩) સર (૨૪) વાડો (૨૫) બલા.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૧૫૦ | ૧૯૨૦ |
| ઘઉં લોકવન | ૪૩૦ | ૫૩૮ |
| ઘઉં ટુકડા | ૪૪૦ | ૬૦૯ |
| જુવાર સફેદ | ૧૦૧૫ | ૧૨૪૫ |
| જુવાર લાલ | ૧૧૪૦ | ૧૩૬૮ |
| જુવાર પીળી | ૪૫૦ | ૫૨૦ |
| બાજરી | ૪૦૬ | ૪૭૫ |
| મકાઇ | ૩૭૦ | ૪૭૧ |
| તુવેર | ૧૧૦૦ | ૧૫૬૦ |
| ચણા પીળા | ૧૦૮૦ | ૧૧૯૧ |
| ચણા સફેદ | ૧૦૭૦ | ૧૮૦૦ |
| અડદ | ૧૨૩૦ | ૨૧૦૦ |
| મગ | ૧૩૩૦ | ૧૭૯૬ |
| વાલ દેશી | ૬૦૦ | ૯૬૩ |
| ચોળી | ૯૦૦ | ૧૪૨૪ |
| વટાણા | ૫૦૦ | ૮૪૦ |
| કળથી | ૪૨૫ | ૭૦૨ |
| રાજમા | ૧૩૪૫ | ૧૯૯૦ |
| સીંગદાણા | ૧૭૭૦ | ૨૨૨૦ |
| મગફળી જાડી | ૧૧૮૦ | ૧૫૮૦ |
| મગફળી જીણી | ૧૧૪૦ | ૧૫૬૫ |
| તલી | ૨૨૫૦ | ૨૫૫૦ |
| એરંડા | ૧૨૪૦ | ૧૪૧૫ |
| અજમો | ૧૮૩૫ | ૩૨૯૨ |
| સુવા | ૧૪૦૫ | ૧૬૧૦ |
| સોયાબીન | ૧૦૫૧ | ૧૪૬૦ |
| સીંગફાડા | ૧૪૭૦ | ૧૭૮૦ |
| કાળા તલ | ૨૧૭૫ | ૩૭૩૦ |
| લસણ | ૧૧૯૦ | ૨૫૦૦ |
| ધાણા | ૨૪૩૧ | ૩૦૨૨ |
| ધાણી | ૨૪૭૫ | ૩૦૪૧ |
| વરીયાળી | ૧૧૦૦ | ૧૮૫૦ |
| જીરૂ | 3333 | ૪૦૫૦ |
| રાય | ૧૪૫૦ | ૧૮૩૦ |
| મેથી | ૯૫૦ | ૧૭૫૦ |
| ઇસબગુલ | ૧૨૦૦ | ૧૯૭૫ |
| કલોંજી | ૨૯૫૦ | ૩૫૭૦ |
| રાયડો | ૧૨૬૦ | ૧૪૮૦ |
| રજકાનું બી | ૬૫૦૦ | ૧૦૧૦૦ |
| ગુવારનું બી | ૧૦૫૦ | ૧૧૬૫ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૪૦૩ | ૭૭૮ |
| પપૈયા | ૧૦૫ | ૨૪૪ |
| બટેટા | ૮૪ | ૨૯૯ |
| ડુંગળી સુકી | ૧૫૧ | ૪૮૫ |
| ટમેટા | ૪૧૫ | ૬૨૮ |
| સુરણ | ૮૨૫ | ૧૦૩૧ |
| કોથમરી | ૧૯૬૨ | ૨૫૮૦ |
| રીંગણા | ૬૫ | ૧૬૪ |
| કોબીજ | ૨૦૨ | ૪૪૮ |
| ફ્લાવર | ૫૫૨ | ૭૭૬ |
| ભીંડો | ૫૪૩ | ૮૫૪ |
| ગુવાર | ૬૭૪ | ૧૨૧૮ |
| ચોળાસીંગ | ૭૧૧ | ૧૩૮૯ |
| ટીંડોળા | ૪૭૬ | ૯૯૩ |
| દુધી | ૨૫૪ | ૪૪૨ |
| કારેલા | ૫૪૪ | ૯૭૬ |
| સરગવો | ૬૮૭ | ૧૩૫૫ |
| તુરીયા | ૭૨૧ | ૧૧૭૭ |
| પરવર | ૫૬૨ | ૮૨૧ |
| કાકડી | ૫૫૬ | ૮૨૬ |
| ગાજર | ૪૮૨ | ૬૯૧ |
| વટાણા | ૧૬૭૧ | ૨૫૮૨ |
| ગલકા | ૩૫૦ | ૫૨૭ |
| બીટ | ૩૫૮ | ૫૬૯ |
| મેથી | ૧૧૫૯ | ૧૪૨૧ |
| ડુંગળી લીલી | ૧૦૨૬ | ૧૨૫૪ |
| આદુ | ૨૪૪૮ | ૩૪૩૧ |
| મરચા લીલા | ૬૨૮ | ૯૧૬ |
| મકાઇ લીલી | ૨૦૫ | ૪૧૨ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૧૧૧ | ૧૮૬૧ |
| ઘઉં લોકવન | ૪૯૮ | ૫૫૨ |
| ઘઉં ટુકડા | ૪૯૦ | ૫૮૦ |
| મગફળી જીણી | ૧૧૦૦ | ૧૪૬૬ |
| સિંગદાણા જાડા | ૧૬૦૧ | ૨૦૨૧ |
| સિંગ ફાડીયા | ૮૦૧ | ૧૭૧૧ |
| એરંડા / એરંડી | ૧૦૦૦ | ૧૪૧૬ |
| જીરૂ | ૨૨૫૧ | ૪૦૦૦ |
| કલંજી | ૧૦૦૦ | ૩૫૨૧ |
| ધાણા | ૨૫૦૧ | ૩૦૪૧ |
| લસણ સુકું | ૧૦૭૧ | ૨૫૬૧ |
| ડુંગળી લાલ | ૧૪૧ | ૫૧૬ |
| અડદ | ૧૪૫૧ | ૨૦૫૧ |
| મઠ | ૫૦૦ | ૫૦૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૬૦૧ |
| રાય | ૧૬૫૧ | ૧૬૫૧ |
| મેથી | ૫૭૬ | ૧૭૧૧ |
| સુવાદાણા | ૧૪૦૧ | ૧૪૦૧ |
| કાંગ | ૬૧૧ | ૬૬૧ |
| મગફળી જાડી | ૧૨૦૦ | ૧૬૭૬ |
| સફેદ ચણા | ૧૧૦૧ | ૧૮૫૧ |
| તલ - તલી | ૧૮૫૧ | ૨૭૧૧ |
| ધાણી | ૨૬૦૧ | ૩૦૮૧ |
| બાજરો | ૨૬૧ | ૨૬૧ |
| જુવાર | ૪૦૦ | ૧૩૨૧ |
| મકાઇ | ૨૨૧ | ૫૨૧ |
| મગ | ૧૦૫૧ | ૧૭૮૧ |
| ચણા | ૧૦૭૧ | ૧૨૧૬ |
| વાલ | ૩૦૧ | ૯૫૧ |
| ચોળા / ચોળી | ૧૫૭૬ | ૧૫૭૬ |
| સોયાબીન | ૧૨૦૦ | ૧૬૭૧ |
| ગોગળી | ૭૦૧ | ૧૩૨૧ |
| વટાણા | ૩૦૦ | ૮૮૧ |
| **અમરેલી** | | |
| શિંગ મોટી | ૯૦૫ | ૧૪૦૦ |
| શિંગદાણા | ૧૫૬૫ | ૨૦૩૦ |
| શિંગદાણા ફાડા | ૧૬૨૫ | ૧૮૩૦ |
| તલ સફેદ | ૧૨૨૦ | ૨૬૩૫ |
| તલ કાળા | ૨૧૧૫ | ૩૮૦૫ |
| તલ કાશમીરી | ૨૪૦૦ | ૨૪૪૫ |
| બાજરો | ૩૨૫ | ૪૮૦ |
| જુવાર | ૪૭૫ | ૪૭૫ |
| ઘઉં ટુકડા | ૪૨૫ | ૫૭૫ |
| ઘઉં લોકવન | ૪૫૫ | ૫૩૫ |
| મગ | ૧૧૦૦ | ૧૫૬૫ |
| ચણા | ૯૦૦ | ૧૧૮૦ |
| ચણા દેશી | ૧૧૭૫ | ૧૧૭૫ |
| સફેદ ચણા | ૯૪૫ | ૧૧૫૦ |
| છોલે ચણા | ૧૪૭૫ | ૧૪૭૫ |
| ચોળી | ૧૩૭૫ | ૧૩૭૫ |
| તુવેર | ૯૬૦ | ૧૪૪૫ |
| કપાસ | ૯૦૦ | ૧૯૬૦ |
| એરંડા | ૧૦૦૦ | ૧૩૭૫ |
| જીરૂ | ૨૨૦૦ | ૩૮૦૫ |
| રાયડો | ૧૦૩૦ | ૧૩૬૦ |
| રાય | ૧૫૦૦ | ૧૫૯૦ |
| ધાણી | ૧૯૫૦ | ૩૦૦૫ |
| અજમા | ૨૭૨૦ | ૨૭૨૦ |
| મેથી | ૧૦૦૦ | ૧૪૬૦ |
| સોયાબીન | ૧૧૨૦ | ૧૫૩૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૨૦૦ | ૨૬૦ |
| રીંગણા | ૧૧૦ | ૩૨૦ |
| ફ્લાવર | ૯૨૦ | ૧૦૧૦ |
| કોબીજ | ૩૫૦ | ૪૫૦ |
| શકકરીયા | ૬૦૦ | ૭૦૦ |
| ટમેટાં | ૬૫૦ | ૭૦૦ |
| સુરણ | ૮૦૦ | ૯૦૦ |
| ગાજર | ૫૨૦ | ૬૨૦ |
| દુધી | ૪૦૦ | ૫૦૦ |
| કારેલા | ૬૯૦ | ૭૮૦ |
| ગલકા | ૫૦૦ | ૬૦૦ |
| ચીભડા | ૬૩૦ | ૧૦૨૦ |
| કાકડી | ૪૦૦ | ૭૦૦ |
| ગુવાર | ૯૨૦ | ૧૨૦૦ |
| વટાણા | ૨૯૫૦ | ૩૦૫૦ |
| ચોળા લીલા | ૯૦૦ | ૧૦૦૦ |
| તુરીયા | ૧૪૦૦ | ૧૬૦૦ |
| ભીંડો | ૮૦૦ | ૯૦૦ |
| આદુ | ૨૫૦૦ | ૩૦૦૦ |
| કોથમીર | ૩૬૦૦ | ૪૦૦૦ |
| મેથીભાજી | ૧૬૦૦ | ૧૮૨૦ |
| ફોદીનો | ૭૫૦ | ૮૫૦ |
| ટીંડોરા | ૬૦૦ | ૭૧૦ |
| બીટ | ૩૯૦ | ૪૯૦ |
| સરગવો | ૯૦૦ | ૧૦૦૦ |
| લીમડો મીઠો | ૧૮૦ | ૨૦૦ |
| મરચાં લીલાં | ૭૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી સુકી | ૨૦૦ | ૫૪૦ |
| લસણ સુકું | ૨૦૦૦ | ૨૬૧૦ |
| પાલક | ૯૦૦ | ૧૦૦૦ |
| લીબુ | ૬૦૦ | ૮૦૦ |
| મકાઈ | ૨૨૦ | ૩૯૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ દાણા | ૧૮૦૦ | ૨૫૪૫ |
| તલ સફેદ | ૨૨૦૦ | ૨૬૦૧ |
| તલ કાળા | ૩૩૦૦ | ૩૬૫૦ |
| જીરૂ | ૩૫૦૨ | ૩૭૫૧ |
| કપાસ | ૧૬૧૧ | ---- |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૫૦૦ |
| ઘઉં ટુકડા | ૪૭૦ | ૫૨૦ |
| બાજરો | ૪૫૦ | ૪૯૦ |
| સફેદજુવાર | ૧૧૦૦ | ૧૨૪૫ |
| મકાઈ | ૩૫૦ | ૪૮૦ |
| મગ | ૧૪૦૦ | ૧૫૫૦ |
| ચણા | ૧૧૦૦ | ૧૧૬૨ |
| તુવેર | ૧૩૦૦ | ૧૪૯૦ |
| સોયાબીન | ૧૩૦૦ | ૧૪૬૦ |
| કલોંજી | ૨૮૦૦ | ૩૨૯૦ |
| **ધારી** | | |
| ઘઉં લોકવન | ૪૬૬ | ૫૦૩ |
| ચણા | ૧૧૦૦ | ૧૧૨૦ |
| તુવેર | ૧૨૦૫ | ૧૩૪૫ |
| તલ સફેદ | ૨૪૦૧ | ૨૪૮૦ |
| શીંગદાણા | ૧૭૫૨ | ૨૦૦૦ |
| શીંગફાડા | ૧૪૭૫ | ૧૪૭૫ |
| એરંડા | ૧૧૦૦ | ૧૧૦૦ |
| સોયાબીન | ૧૨૦૦ | ૧૩૪૧ |
| **બગસરા** | | |
| ઘઉ લોકવન | ૪૦૦ | ૪૯૩ |
| જુવાર | ૯૩૫ | ૯૩૫ |
| ઘઉ ટુકડા | ૪૮૬ | ૫૦૧ |
| ચણા સફેદ | ૯૦૫ | ૯૩૫ |
| તલ સફેદ | ૨૩૯૫ | ૨૫૫૦ |
| તુવેર | ૯૫૦ | ૧૨૧૦ |
| મગ | ૧૬૦૦ | ૧૬૦૦ |
| શીંગદાણા | ૧૬૫૧ | ૧૯૬૦ |
| સોયાબીન | ૧૦૦૦ | ૧૩૮૫ |
| ચણા | ૯૦૦ | ૧૧૪૫ |
| તલ કાળા | ૧૫૦૦ | ૨૧૯૦ |
| ચણા | ૯૫૦ | ૧૨૦૧ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૫૨૧ | ૧૮૦૫ |
| મગફળી | ૧૧૦૫ | ૧૨૮૦ |
| જીરૂ | ૩૧૪૦ | ૩૮૦૫ |
| ચણા | ૧૧૪૦ | ૧૧૬૫ |
| ઘઉ | ૪૮૧ | ૫૦૭ |
| **ભેંસાણ** | | |
| ઘઉં | ૪૫૦ | ૪૯૦ |
| ચણા | ૮૦૧ | ૧૦૮૬ |
| તુવેર | ૭૦૧ | ૧૪૬૬ |
| શિંગદાણા | ૧૪૦૧ | ૧૯૯૬ |
| શિંગફાડા | ૧૩૦૧ | ૧૬૮૬ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૫૨૬ |
| તલ કાળા | ૭૨૧ | ૩૨૪૬ |
| રાય | ૧૧૯૧ | ૧૧૯૧ |
| ધાણા | ૨૦૦૦ | ૨૬૯૧ |
| સોયાબીન | ૯૦૦ | ૧૩૮૬ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૯૫૦ | ૧૪૮૮ |
| બાજરી હાઈબ્રીડ | ૪૪૦ | ૫૧૯ |
| ઘઉં | ૪૬૦ | ૫૫૦ |
| જુવાર | ૧૦૦૦ | ૧૨૪૪ |
| અડદ | ૨૦૦૦ | ૨૧૬૯ |
| મગ | ૧૩૬૦ | ૧૯૬૮ |
| ચણા | ૯૫૦ | ૧૧૬૪ |
| સફેદ તલ | ૨૦૬૦ | ૨૫૯૦ |
| કાળા તલ | ૨૮૦૦ | ૩૭૮૦ |
| સોયાબીન | ૧૨૨૦ | ૧૪૦૦ |
| સીંગદાણા | ૧૬૦૦ | ૨૬૯૦ |
| **રાજુલા** | | |
| શીંગ | ૧૧૮૬ | ૧૩૦૦ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૨૦૦ |
| તલ કાળા | ૨૪૦૧ | ૩૨૮૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૭૦૦ |
| બાજરો | ૫૧૧ | ૫૩૦ |
| ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૨૯ |
| જુવાર | ૫૭૦ | ૧૩૧૭ |
| મગ | ૧૭૦૦ | ૧૭૦૦ |
| તુવેર | ૧૦૭૧ | ૧૦૭૧ |
| ચણા | ૯૭૫ | ૧૧૨૫ |
| એરંડી | ૧૨૩૨ | ૧૨૩૨ |
| ધાણા | ૨૫૦૦ | ૨૬૨૬ |
| રાય | ૧૪૯૧ | ૧૫૫૧ |
| અજમાં | ૨૨૦૧ | ૨૨૦૧ |
| શીંગદાણા | ૧૬૦૦ | ૧૯૦૦ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

**તમામ તાલુકાઓમાં તબક્કાવાર યોજનારી આ શાળાઓમાં નિષ્ણાંતો દ્વારા માર્ગદર્શન અપાશે : હિરેન હિરપરા**

# ભાજપ કિસાન મોરચા દ્વારા પીરાણા ખાતેથી 'પ્રાકૃતિક કૃષિ શાળા' રાજ્યવ્યાપી અભિયાનનો પ્રારંભ કરાશે

અમરેલી,તા.૧૫

ગુજરાત ભાજપ કિસાન મોરચા દ્વારા 'પ્રાકૃતિક કૃષિ શાળા' રાજ્યવ્યાપી અભિયાનનો પ્રારંભ કરાઈ રહ્યો છે. પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માના શુભઆશય સાથે આ વિઝનને યોજનાઓ અને સંગઠન દ્વારા પ્રત્યેક ગામડા



સુધી પહોંચાડાશે.

અભિયાનના પ્રારંભ રૂપે અષાઢી બીજના પાવન અવસરે દસક્રોઈના પીરાણા સ્થિત કલ્કિ તીર્થધામ પ્રેરણાપીઠ ખાતે પ્રથમ કૃષિ શાળા યોજાશે. કિસાન મોરચાના પ્રદેશ પ્રમુખ હિરેન હિરપરાના જણાવ્યા મુજબ, તમામ તાલુકાઓમાં તબક્કાવાર યોજાનારી આ શાળાઓમાં ખેડૂતોને ગૌ આધારિત ખેતી, ઓછો ખર્ચ અને જમીનની ફળદ્રુપતા અંગે નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન અપાશે. આ પ્રસંગે પ્રદેશ પ્રભારી ભરતભાઈ પંડ્યા, ધારાસભ્ય બાબુલાલભાઈ પટેલ, કૃષિ નિષ્ણાતો અને મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહેશે.

# સચિવાલયમાં સેક્શન ઓફિસરોની સંખ્યામાં વધારો, રાજ્ય સરકારે લીધો મહત્વનો નિર્ણય

ગાંધીનગર, તા. ૧૫

રાજ્ય સરકારે વહીવટી કામગીરીને વધુ અસરકારક અને ઝડપી બનાવવા માટે સચિવાલય સંવર્ગમાં સેક્શન ઓફિસર (વર્ગ-૨)ના પદોની સંખ્યામાં વધારો કરવાનો મહત્વનો નિર્ણય કર્યો છે. સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ મુજબ સેક્શન ઓફિસરના મંજૂર પદોની સંખ્યા ૬૦૬માંથી વધારીને



૬૩૪ કરવામાં આવી છે. આ નિર્ણયથી વિવિધ સરકારી વિભાગોમાં ફાઈલોના નિકાલની પ્રક્રિયા વધુ ઝડપી બનશે તેમજ નીતિગત નિર્ણયોનો અમલ પણ ઝડપથી થઈ શકશે.

ભુપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ લેવામાં આવેલા આ નિર્ણયથી રાજ્યના અનેક વિભાગોને વધારાનું વહીવટી કાર્યબળ મળશે. નવી કેડર રચના અંતર્ગત મુખ્યમંત્રી કાર્યાલય સહિત કુલ ૨૬ વિભાગો અને ૧૯ કચેરીઓમાં વધારાના પદોની ફાળવણી કરવામાં આવશે. સરકારના મતે આ પગલાથી સામાન્ય નાગરિકોના કામકાજમાં પણ ઝડપ આવશે અને અરજીઓના નિકાલમાં લાગતો સમય ઘટશે. ઉપરાંત મુખ્યમંત્રી કાર્યાલય, ગુજરાત તકેદારી પંચ અને ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ જેવી મહત્વપૂર્ણ કચેરીઓ માટે હંગામી પદો તથા ડેપ્યુટેશન રિઝર્વની પણ જોગવાઈ કરવામાં આવી છે.

# ભૂરખીયા હનુમાનજી મંદિરે આજે ૧૦૦મો નિઃશુલ્ક નેત્ર નિદાન કેમ્પ

લાઠી,તા.૧૫

લાઠી તાલુકાના ભૂરખીયા હનુમાનજી દાદાના મંદિરે આજે, તા. ૧૬-૦૭-૨૦૨૬, ગુરુવારના રોજ સવારે ૮:૦૦થી બપોરે ૧૨:૦૦ વાગ્યા સુધી ૧૦૦મો નિઃશુલ્ક નેત્ર નિદાન કેમ્પ યોજાશે. રમાબેન અનિલભાઈ પારેખ પરિવાર, મુંબઈના આર્થિક સહયોગથી લાયન્સ ક્લબ ઓફ અમરેલી (સિટી), ભૂરખીયા હનુમાનજી મંદિર ટ્રસ્ટ અને સુદર્શન નેત્રાલય, અમરેલીના સંયુક્ત ઉપક્રમે આ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આયોજકોએ લાભાર્થી દર્દીઓને આધાર કાર્ડ અથવા અન્ય ઓળખના પુરાવા સાથે હાજર રહેવા અનુરોધ કર્યો છે. કેમ્પ દરમિયાન મોતીયાના દર્દીઓના ઓપરેશન સંપૂર્ણપણે નિઃશુલ્ક કરવામાં આવશે, જ્યારે નંબરના ચશ્મા રાહતદરે ઉપલબ્ધ કરાવવામાં આવશે. સુદર્શન નેત્રાલય, અમરેલીના નિષ્ણાત ડોક્ટરો અને તેમની ટીમ દર્દીઓની આંખોની તપાસ કરીને જરૂરી માર્ગદર્શન અને સારવારની સેવા પૂરી પાડશે.

# ખાપટ દારૂકાંડ મામલે ઉના પોલીસ મથકે કોંગ્રેસ દ્વારા વિરોધ કરાયો

**દારૂબંધીના કડક અમલ અને પોલીસની ભૂમિકાની તપાસ કરવાની ઉઠી માંગ**



ઉના,તા.૧૫

ખાપટ ગામની પ્રાથમિક શાળામાં શિક્ષક દ્વારા વિદ્યાર્થી પાસે દારૂ મંગાવ્યાના મામલે વિવાદ વધુ ઘેરાયો છે. ઘટનાના પડઘા વચ્ચે ઉનાના પૂર્વ ધારાસભ્ય પુંજાભાઈ વંશ અને કોંગ્રેસના આગેવાનો ઉના પોલીસ મથકે પહોંચ્યા હતા. તેમણે પીઆઈ મોરીને આવેદનપત્ર આપી રાજ્યમાં દારૂબંધીનો કડક અમલ કરાવવા તેમજ સમગ્ર ઘટનામાં પોલીસની ભૂમિકાની નિષ્પક્ષ તપાસ કરવાની માંગણી કરી હતી. પોલીસ મથક બહાર કોંગ્રેસ કાર્યકરો દ્વારા સૂત્રોચ્ચાર પણ કરવામાં આવ્યા હતા. શિક્ષકને સસ્પેન્ડ કરાયા બાદ પણ લોકોમાં રોષ યથાવત જોવા મળી રહ્યો છે અને જવાબદારો સામે કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠી રહી છે.

# દામનગર પાલિકાની કડકાઈ સામે શાકભાજી વિક્રેતાઓની સામૂહિક હડતાળ

દામનગર,તા.૧૫




દામનગર નગરપાલિકા દ્વારા વૈકલ્પિક વ્યવસ્થા કર્યા વિના જ પોલીસ બળ સાથે શાકભાજીની લારીઓ અને પથણાં હટાવતા વિક્રેતાઓએ અચોક્કસ મુદતની હડતાળ પાડી છે. ગરીબ વિક્રેતાઓની પજવણી સામે રોષ વ્યાપ્યો છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે તંત્ર મોટા શોપિંગ મોલ અને ગેરકાયદે સ્થાવર દબાણ કરનારાઓ સામે મૌન સેવી રહ્યું છે. આ મામલે અમરેલી કલેક્ટરને આવેદનપત્ર આપી કાયમી ઉકેલની માંગ કરાઈ છે.

# કોડીનારમાં નગરપાલિકાની દબાણ હટાવ ઝુંબેશ, મુખ્ય માર્ગ પર કાર્યવાહી

કોડીનાર,તા.૧૫

ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર શહેરમાં આજે નગરપાલિકા દ્વારા દબાણ હટાવવાની કામગીરી હાથ ધરાઈ હતી.



**ઉના ઝાંપા વિસ્તારથી ફોરટ્રેક હાઈવે જોડતા રોડ પર પોલીસ બંદોબસ્ત વચ્ચે કામગીરી**

શહેરના મુખ્ય માર્ગો પર પોલીસના ચુસ્ત બંદોબસ્ત તેમજ વીજ વિભાગના સહયોગથી કાર્યવાહી કરવામાં આવી હતી. ઉના ઝાંપા વિસ્તારથી પસાર થતો માર્ગ શહેરને ફોરટ્રેક હાઈવે સાથે જોડે છે. લાંબા સમયથી આ રોડ પર દબાણની સમસ્યા રહેતા નગરપાલિકાએ દબાણ દૂર કરવાની કામગીરી શરૂ કરી હતી.

# કૌશિક વેકરીયાના પ્રયત્નોથી લાલાવદર ખાતે રૂ. ૨૫.૮૫ કરોડના ખર્ચે સ્પોર્ટ્સ હોસ્ટેલ બનશે

અમરેલી,તા.૧૫

અમરેલી જિલ્લાના લાલાવદર સ્થિત જિલ્લા રમત સંકુલ ખાતે રૂ.૨૫.૮૫ કરોડના ખર્ચે આધુનિક સ્પોર્ટ્સ હોસ્ટેલના નિર્માણ માટે ટેન્ડર પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. અમરેલીના ધારાસભ્ય અને રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરિયાના સતત પ્રયાસોના પરિણામે આ પ્રોજેક્ટને મંજૂરી



મળી છે.

આ પ્રસ્તાવિત સ્પોર્ટ્સ હોસ્ટેલમાં ૧૦૦ યુવતીઓ અને ૧૦૦ યુવકો મળી કુલ ૨૦૦ ખેલાડીઓ માટે રહેણાંકની ઉત્તમ સુવિધા ઉપલબ્ધ થશે. આ સાથે જ કિચન, ડાઈનિંગ એરિયા, રિક્રિએશનલ હોલ, ફાયર સેફ્ટી અને આધુનિક ફર્નિચર સુવિધાઓ ધરાવતું S+3 (G+3) બિલ્ડિંગ તૈયાર કરાશે. રાજ્યમંત્રીએ જણાવ્યું કે, આ હોસ્ટેલ સ્થાનિક ખેલાડીઓને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાની તૈયારી માટે મજબૂત આધાર આપશે. આ પ્રોજેક્ટ બદલ તેમણે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને રમતગમત મંત્રીનો આભાર વ્યક્ત કર્યો હતો.

# શ્રી સરદાર પટેલ સોશ્યલ ગ્રુપ દ્વારા બગસરા તેજસ્વી તારલાઓનો સન્માન સમારંભ યોજાશે

બગસરા,તા.૧૫

સરદાર પટેલ સોશ્યલ ગ્રુપ (તાલુકા સંગઠન-બગસરા) દ્વારા આગામી સપ્ટેમ્બર-૨૦૨૬ દરમિયાન બગસરાની પટેલવાડી ખાતે લેઉવા પટેલ સમાજનો ભવ્ય વિદ્યાર્થી સન્માન સમારંભ યોજાશે. આ કાર્યક્રમમાં સને ૨૦૨૬ના વર્ષમાં ધોરણ ૫ થી ૮માં ૮૦% કે તેથી વધુ અને ધોરણ ૯, ૧૦, ૧૨ (સામાન્ય તથા સાયન્સ પ્રવાહ) તેમજ કોલેજ, અનુસ્નાતક અને મેડિકલ-એન્જીનીયરીંગ જેવી પ્રોફેશનલ ડીગ્રીમાં નિયત ટકાવારી સાથે ઉત્તીર્ણ થનાર બગસરા તાલુકાના તમામ તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવશે. ગ્રુપના મહામંત્રી જયદીપ હિરપરાના જણાવ્યા મુજબ, લાયકાત ધરાવતા સ્થાનિક કે બહારગામ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ પોતાની માર્કશીટની સ્વપ્રમાણિત નકલ, નામ, સરનામું અને મોબાઈલ નંબર સાથે તા. ૧૦-૮-૨૦૨૬ સુધીમાં સરદાર પટેલ શરાફી સહકારી મંડળી અથવા મેઘાણી હાઈસ્કૂલ ખાતે નિયત પદાધિકારીઓનો સંપર્ક કરી પહોંચતી કરવાની રહેશે.

# બગસરામાં આર્થિક સંકડામણથી પુરુષે ગળાફાંસો ખાધો

બગસરા, તા.૧૫

બગસરામાં આર્થિક સંકડામણથી પુરુષે ગળાફાંસો ખાતા મોત થયું હતું. આ અંગે માણંદભાઈ ભુરાભાઈ રાખશીયાએ જાહેર કર્યા મુજબ, પ્રફુલભાઈ મુળજીભાઈ રાખશીયા (ઉ.વ.૪૯)એ આર્થિક સંકડામણ રહેતી હતી. જેથી લાગી આવતાં ગળાફાંસો ખાઈ મરણ પામ્યા હતા. બગસરા પોલીસ સ્ટેશનના એએસઆઈ પી ડી કલસરીયા વધુ તપાસ કરી રહ્યા છે.


## -//એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ લીલીયાની કોર્ટમાં //-

જન્મ રજી.નં.૭૪/૨૦૨૬

શ્રી ઘુઘાભાઈ મામૈયાભાઈ જોગરાણા
રહે.કુંતાણા, તા.લીલીયા જિ.અમરેલી
.........અરજદાર

-: વિરૂધ્ધ :-

જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત-વ-તલાટી કમ મંત્રીશ્રી, કુંતાણા ........સામાવાળા

**જાહેર નોટીસ**
**બાબત :- જન્મ-મરણ અધિનીયમ કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારાશ્રી ઘુઘાભાઈ મામૈયાભાઈ જોગરાણાના પુત્ર ઘનશ્યામભાઈ ઘુઘાભાઈ જોગરાણાનો જન્મ તા.૧૫/૦૬/૧૯૮૮ના રોજ કુંતાણા મુકામે થયેલ છે. અને તેમના જન્મ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળા ને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં લેખીત વાંધો રજુ કરવો.લેખીત વાંધો રજુ ન થયેથી વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૦/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સીક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
લીલીયા

## -//એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ લીલીયાની કોર્ટમાં //-

જન્મ રજી.નં.૭૦/૨૦૨૬

શ્રી કિશનભાઈ પીઠાભાઈ સોલંકી
રહે.આંબા, તા.લીલીયા જિ.અમરેલી
.........અરજદાર

-: વિરૂધ્ધ :-

જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત-વ-તલાટી કમ મંત્રીશ્રી, આંબા ........સામાવાળા

**જાહેર નોટીસ**
**બાબત :- જન્મ-મરણ અધિનીયમ કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદરાશ્રી કિશનભાઈ પીઠાભાઈ સોલંકીની પુત્રી પાયલબેન કિશનભાઈ સોલંકીનો જન્મ તા.૨૩/૦૮/૨૦૦૪ના રોજ આંબા મુકામે થયેલ છે. અને તેમના જન્મ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળા ને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં લેખીત વાંધો રજુ કરવો.લેખીત વાંધો રજુ ન થયેથી વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૦/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સીક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
લીલીયા

## -//એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ લીલીયાની કોર્ટમાં //-

જન્મ રજી.નં.૬૭/૨૦૨૬

શ્રી ગુણવંતભાઈ ભીખાભાઈ માલવીયા
રહે.અમરેલી, ગુજરાત આઉસીંગ બોર્ડ સોસા.
એસ.ટી.ડેપો પાસે, અમરેલી .........અરજદાર

-: વિરૂધ્ધ :-

જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત-વ-તલાટી કમ મંત્રીશ્રી, આંબા ........સામાવાળા

**જાહેર નોટીસ**
**બાબત :- જન્મ-મરણ અધિનીયમ કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદરાશ્રી ગુણવંતભાઈ ભીખાભાઈ માલવીયાનો પોતાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૭૧ના રોજ આંબા મુકામે થયેલ છે. અને તેમના જન્મ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળા ને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં લેખીત વાંધો રજુ કરવો.લેખીત વાંધો રજુ ન થયેથી વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૦/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સીક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
લીલીયા

## -//એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ લીલીયાની કોર્ટમાં //-

મરમ રજી.નં.૦૯/૨૦૨૬

શ્રી પોપટભાઈ હંસરાજભાઈ દુધાત
રહે.મોટા કણકોટ, તા.લીલીયા જિ.અમરેલી હાલઃ સુરત-૪૭ સાગર સોસા.
ચીકુવાડી, સેરત સીટી સુરત-૩૯૫૦૦૬ .........અરજદાર

-: વિરૂધ્ધ :-

જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત-વ-તલાટી કમ મંત્રીશ્રી, મોટા કણકોટ ........સામાવાળા

**જાહેર નોટીસ**
**બાબત :- જન્મ-મરણ અધિનીયમ કલમ-૧૩(૩) મુજબ મરણની નોંધણી કરાવવા બાબત**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદરાશ્રી પોપટભાઈ હંસરાજભાઈ દુધાતના માતા ફુલબાઈબેન હંસરાજભાઈ દુધાતનું મરણ તા.૨૫/૦૭/૨૦૨૧ના રોજ મોટા કણકોટ મુકામે થયેલ છે. અને તેમના મરણ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર મરણની નોંધણી કરાવવા સામાવાળા ને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં લેખીત વાંધો રજુ કરવો.લેખીત વાંધો રજુ ન થયેથી વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૦/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સીક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
લીલીયા

## -//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૩૪૮/૨૦૨૬ તા.૧૩/૦૭/૨૦૨૬
અરજદારશ્રીઃ- ૧. ધીરૂભાઈ મોહનભાઈ વિરાણી
રહે.બાઢડા, તા.સાવરકુંડલા, જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- ૧. તલાટી કમ મંત્રીશ્રી, બાઢડા, તા.સાવરકુંડલા,

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પુત્ર નરેન્દ્રભાઈ ધીરૂભાઈ વિરાણીનો જન્મ તા.૦૧/૧૨/૧૯૭૫ ના રોજ બાઢડા, તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૯/૦૮/૨૦૨૬ ના રોજ ૧૬:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી.
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા

**જાહેર નોટીસ**

## -// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ઉના //-

અરજી નં.૧૮૩/૨૦૨૬
જન્મ તારીખ : ૦૧/૦૬/૧૯૮૫

શ્રી ચોહાણ રહેમાન અલીભાઈ,
રહે.રહીમ નગર ઈદગાહ, ગામ-ઉના, તાલુકો-ઉના,
જિલ્લો-ગીર સોમનાથ
...........અરજદાર

-: વિરૂધ્ધ :-

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને ચીફ ઓફિસરશ્રી, ઉના,
નગરપાલીકા, ઉના, તા.ઉના, જિલ્લો ગીરસોમનાથ ..........સામાવાળા

**બાબત :- જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી ચોહાણ રહેમાન અલીભાઈ રહે. રહીમ નગર ઈદગાહ, તાલુકો-ઉના, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ તેમના પુત્રી આઈસુમા રહેમાનભાઈ ચૌહાણનો જન્મ તારીખ ૦૧/૦૬/૧૯૮૫ ના રોજ ઉના તાલુકાના ઉના મુકામે થયેલ છે. જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર પુરાવા સાથે જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૩૦/૦૬/૨૦૨૬ના રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી
(ડી.કે.ભીમાણી)
એકજીકયુટીવ મેજીસ્ટ્રેટ,
ઉના

# ખાંભાનાં નાની ધારીમાં પ્રેમ લગ્નના વિવાદમાં યુવકની કરપીણ હત્યા

**સ્વિફ્ટ કાર સવારે બાઇકને ટક્કર મારી તલવાર અને પાઇપ વડે હુમલો કરાયો**



ખાંભા,તા.૧૫

અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના નાની ધારી ગામ પાસે પ્રેમ લગ્નના મનદુઃખમાં એક યુવકની ઘાતકી હત્યા કરવામાં આવી છે. પોલીસ ફરિયાદ અનુસાર, મૃતક જયરાજભાઈ ઉર્ફે લાલાભાઈ ધાખડાએ છ મહિના પહેલા સુર્મિલાબેન સાથે પ્રેમ લગ્ન કર્યા હતા, જે અગાઉ આરોપી મયુરભાઈ વલકુભાઈ વરુ સાથે સગાઈ સંબંધથી જોડાયેલા હતા. ગતરોજ બપોરે જયરાજભાઈ અને તેમના ભત્રીજા શક્તિરાજભાઈ બાઈક પર નાની ધારી ગામ તરફ જઈ રહ્યા હતા. તે દરમિયાન ગોવિંદભાઈ માંગરોળિયાની વાડી નજીક આરોપી મયુર વરુ અને અન્ય ત્રણ અજાણ્યા ઈસમોએ સ્વિફ્ટ કાર વડે બાઈકને પાછળથી ટક્કર મારી તેમને પાડી દીધા હતા. ત્યારબાદ કારમાંથી ઉતરીને આરોપીઓએ તલવાર, લોખંડની પાઈપ અને કુહાડી વડે જયરાજભાઈ પર જીવલેણ હુમલો કર્યો હતો. હુમલામાં ગંભીર ઈજાઓ થતાં જયરાજભાઈનું મોત નીપજ્યું છે, જ્યારે વચ્ચે પડેલા શક્તિરાજભાઈને હાથમાં પાઈપ વાગતા સારવાર હેઠળ ખસેડાયા છે. ખાંભા પોલીસે આ મામલે મયુર વરુ સહિત ચાર ઈસમો વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ભારત-યુકે ઐતિહાસિક મુક્ત વેપાર કરાર આજથી અમલમાં

નવી દિલ્હી, ૧૫

ભારત અને યુનાઈટેડ કિંગડમ (UK) વચ્ચેનો વ્યાપક આર્થિક અને વેપાર કરાર (CETA) આજથી સત્તાવાર રીતે અમલમાં આવ્યો છે. પીએમ નરેન્દ્ર મોદીના કાર્યકાળનો આ છઠ્ઠો મુક્ત વેપાર કરાર (FTA) છે, જે દેશના ખેડૂતો, નિકાસકારો અને MSME ક્ષેત્રને મોટો આર્થિક ફાયદો પહોંચાડશે.



વાણિજ્ય સચિવ રાજેશ અગ્રવાલે જણાવ્યું કે, આ ઐતિહાસિક કરારથી યુકેના બજારમાં ભારતની ૯૯% નિકાસ તદ્દન ડ્યુટી-ફ્રી (ઝીરો ડ્યુટી) બનશે. આ ઉપરાંત, પ્રથમ વખત બ્રિટિશ કંપનીઓ ભારતના ૪૦,૦૦૦ સરકારી ટેન્ડરોમાં ભાગ લઈ શકશે. 'ડબલ કોન્ટ્રીબ્યુશન કન્વેન્શન' હેઠળ યુકે જતા ભારતીય કર્મચારીઓને ૫ વર્ષ સુધી ત્યાં સોશિયલ સિક્યોરિટી યોગદાનમાંથી મુક્તિ મળશે. કરાર હેઠળ બ્રિટિશ કાર પરની ડ્યુટી ૧૧૦% થી ઘટાડી ૧૦% અને સ્કોચ વ્હિસ્કી પર ૧૫૦% થી ઘટાડી ૪૦% કરાશે, જ્યારે સફરજન, અખરોટ અને સોના જેવા સંવેદનશીલ ઉત્પાદનોને સુરક્ષિત રખાયા છે. આ સંધિથી તૈયાર વસ્ત્રો, આઈટી અને ઓટોમોબાઈલ ઉદ્યોગને નવું બળ મળશે.

# જાતીય ગુનાના કેસોમાં ન્યાયાધિશો અને પોલીસ સંવેદનશીલતા અંગે સુપ્રીમ કોર્ટનો કડક આદેશ

નવી દિલ્હી,તા.૧૫

સુપ્રીમ કોર્ટે જાતીય ગુનાના કેસોમાં ન્યાયાધીશો અને પોલીસની સંવેદનશીલતા માટે કડક દેશવ્યાપી માર્ગદર્શિકા જાહેર કરી છે. પટના હાઈકોર્ટના એ ચુકાદા પર કોર્ટે ગંભીર નારાજગી વ્યક્ત કરી, જેમાં મહિલા સાથેની બળજબરીને 'બળાત્કારનો પ્રયાસ' માનવાનો ઈનકાર કરી માત્ર નમ્રતા ભંગનો સામાન્ય ગુનો ગણાવાયો હતો. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતની બેન્ચે આદેશ આપ્યો છે કે દેશની તમામ અદાલતોએ કેસોની સુનાવણી વખતે નિર્ધારિત હેન્ડબુકનું ફરજિયાત પાલન કરવું પડશે. આ સાથે જ રાજ્યોએ પોલીસ સ્ટેશનોમાં એફઆઈઆર અને ચાર્જશીટ નોંધતી વખતે પણ આ નિયમો લાગુ કરવાના રહેશે. ન્યાયિક અધિકારીઓની સંવેદનશીલતા વધારવા માટે રાષ્ટ્રીય ન્યાયિક એકેડેમીના અહેવાલને હાઈકોર્ટોની વેબસાઈટ પર અપલોડ કરવાનો આદેશ અપાયો છે. પોક્સો કેસો માટે પણ કોર્ટે સ્પષ્ટ કર્યું કે પીડિતનો અનુભવ જ સૌથી મોટો પુરાવો છે.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ જન્મદિવસે પણ જનસેવા અને સરકારી કામકાજમાં વ્યસ્ત રહ્યા

ગાંધીનગર,તા.૧૫

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પોતાના જન્મદિવસે પણ સરકારી કામકાજમાં વ્યસ્ત રહીને એક સાચા જનસેવક તરીકેની કર્તવ્યનિષ્ઠાનો પરિચય આપ્યો છે.



તેમણે જન્મદિવસની શરૂઆત રાજ્ય મંત્રીમંડળની બેઠકથી કરી હતી. ત્યારબાદ દિવસભર તેમણે શહેરી વિકાસ અને માહિતી પ્રસારણ જેવા વિવિધ વિભાગોની સર્વગ્રાહી સમીક્ષા બેઠકો યોજીને જનકલ્યાણના કાર્યોનું માર્ગદર્શન આપ્યું હતું.

આ ઉપરાંત, તેમણે વડાપ્રધાનના ડ્રીમ પ્રોજેક્ટ ગિફ્ટ સિટીની મુલાકાત લઈ વરિષ્ઠ અધિકારીઓ સાથે ત્યાં ચાલી રહેલા વિવિધ પ્રોજેક્ટ્સની સ્થળ સમીક્ષા કરી હતી. મુખ્યમંત્રીની આ કાર્યશૈલીને બિરદાવતા વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ અને વિવિધ મહાનુભાવોએ તેમને ટેલિફોન દ્વારા જન્મદિનની હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી.

# અમરનાથ યાત્રામાં માત્ર ૧૨ દિવસમાં ૩ લાખથી વધુ શ્રધ્ધાળુઓએ દર્શન કર્યા

અમરનાથ,તા.૧૫



શ્રી અમરનાથ યાત્રા ૨૦૨૬ એ નવો ઈતિહાસ રચ્યો છે. શરૂઆતના દિવસોમાં જ બરફનું શિવલિંગ પીગળી ગયું હોવા છતાં, શ્રધ્ધાળુઓની અતૂટ આસ્થાને કારણે માત્ર ૧૨ દિવસમાં ૩,૦૦,૦૦૦ થી વધુ ભક્તોએ પવિત્ર ગુફાના દર્શન કર્યા છે. આ સંખ્યા ગત વર્ષ કરતાં ૩૭% વધુ છે. ૫૭ દિવસની આ યાત્રા ૨૮ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ રક્ષાબંધનના દિવસે પૂર્ણ થશે. લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હાએ સુચારુ વ્યવસ્થા માટે વહીવટીતંત્ર અને સ્વયંસેવકોની પ્રશંસા કરી છે.

# મોદીએ યુક્રેન પર રશિયાનો પરમાણુ હુમલો અટકાવ્યો હતો : પોલેન્ડના મંત્રીનો મોટો દાવો

પોલેન્ડ,તા.૧૫



પોલેન્ડના નાયબ વિદેશ પ્રધાન વાલાદિસ્લાવ ટેઓફિલ બાર્ટોસેવસ્કીએ દાવો કર્યો છે કે, વર્ષ ૨૦૨૨ ના અંતમાં રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનને યુક્રેન પર પરમાણુ શસ્ત્રોનો ઉપયોગ કરતા અટકાવવામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મુખ્ય ભૂમિકા ભજવી હતી. તેમણે પીએમ મોદીને વિશ્વના સૌથી પ્રભાવશાળી નેતા ગણાવ્યા, જેમની વાત પુતિન ગંભીરતાથી સાંભળે છે. પોલેન્ડે આશા વ્યક્ત કરી કે ભારત રશિયા-યુક્રેન યુધ્ધનો અંત લાવવામાં પણ મહત્વની ભૂમિકા ભજવી શકે છે.

બીજી તરફ, વ્લાદિમીર પુતિને પણ ભારતને 'મહાન દેશ' ગણાવી તેની સ્વતંત્ર વિદેશ નીતિ અને આર્થિક વિકાસના વખાણ કર્યા છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે પીએમ મોદીના નેતૃત્વમાં દેશ ઝડપથી પ્રગતિ કરી રહ્યો છે અને રશિયા સાથે સહયોગ માટે ભારત પર બાહ્ય દબાણ લાવવાના તમામ પ્રયાસો નકામા સાબિત થયા છે.

# ગીર વિસ્તારમાં નવા રિસોર્ટ કે હોટલને બાંધકામ માટે મંજુરી ન આપવા રાજય સરકારનો નિર્ણય

જૂનાગઢ ,તા.૧૫

ગીર અને ગ્રેટર ગીર વિસ્તારમાં વધતા માનવ-સિંહ સંઘર્ષને ડામવા રાજ્ય સરકારે એક મહત્વનો નિર્ણય લીધો છે. હવેથી ગીર વિસ્તારમાં કોઈ પણ નવા રિસોર્ટ કે હોટેલને વ્યાવસાયિક મંજૂરી આપવામાં નહીં આવે. વન અને પર્યાવરણ મંત્રીના જણાવ્યા મુજબ, પરવાનગી વિના ધમધમતા ગેરકાયદેસર એકમોને બંધ કરાવી તેમના બાંધકામો તોડી પાડવામાં આવશે.






છેલ્લા ૪૫ દિવસમાં સંઘર્ષના ૧૦ બનાવો બન્યા બાદ વન વિભાગે આ કડક વલણ અપનાવ્યું છે. હોમસ્ટેના નામે શરૂ થઈને બાદમાં વ્યાવસાયિક રિસોર્ટમાં ફેરવાઈ ગયેલી મિલકતો સિંહોના કુદરતી રહેઠાણ પર દબાણ વધારી રહી છે. ખાસ કરીને ધારી-તુલશીશ્યામ કોરિડોર પર વન વિભાગ વિશેષ નજર રાખશે. આ ઉપરાંત, અભયારણ્યના આંતરિક માર્ગો પર પ્રવાસી વાહનોની ગતિવિધિઓ પર ટેક્નોલોજીની મદદથી કડક નિયંત્રણો લાદવામાં આવશે અને ધાર્મિક સ્થળોએ આવતા શ્રધ્ધાળુઓની સંખ્યા પણ નિયંત્રિત કરાશે.

# ભરણપોષણ તરીકે પતિના પગારના ૨૫% ચૂકવવા ફરજિયાત નથી : અલ્હાબાદ હાઈકોર્ટ

પ્રયગરાજ,તા.૧૫

અલ્હાબાદ હાઈકોર્ટે એક મહત્ત્વના ચુકાદામાં સ્પષ્ટ કર્યું છે કે, ભરણપોષણ તરીકે પતિની ચોખ્ખી માસિક આવકના ૨૫% ચૂકવવા ફરજિયાત નથી, તે માત્ર એક સામાન્ય માર્ગદર્શિકા છે. ન્યાયાધીશ અચલ સચદેવની સિંગલ બેન્ચે જણાવ્યું કે દરેક કેસની પરિસ્થિતિ અલગ હોય છે, તેથી ગૌણ અદાલતો કેસના તથ્યોને



આધારે રકમ નક્કી કરી શકે છે.

કોર્ટે સ્પષ્ટ કર્યું કે ભરણપોષણની ગણતરી કુલ આવકને બદલે કર અને કપાત બાદની ચોખ્ખી આવક પર થશે. વધુમાં, છૂટાછેડા પછી પણ જો પત્ની પોતાનું ગુજરાન ચલાવવા અસમર્થ હોય અને પુનર્લગ્ન ન કર્યા હોય, તો તે સન્માનપૂર્વક જીવવા માટે ભરણપોષણ મેળવવા હકદાર છે. કોર્ટે પતિની રૂ. ૬૭,૦૪૩ ની ચોખ્ખી આવકને ધ્યાનમાં રાખીને પત્નીનું માસિક ભરણપોષણ રૂ. ૧૨,૦૦૦ થી વધારીને રૂ. ૨૦,૦૦૦ કર્યું છે.

# ભારતીય મૂળના અવકાશયાત્રી અનિલ મેનન આંતરરાષ્ટ્રીય અવકાશ મથક જવા થયા રવાના

વોશિંગટન,તા.૧૫

ભારતીય મૂળના અવકાશયાત્રી અને યુએસ સ્પેસ ફોર્સના કર્નલ અનિલ મેનન રશિયન સોયુઝ એમએસ-૨૯ અવકાશયાન દ્વારા બે રશિયન સહયોગીઓ સાથે આંતરરાષ્ટ્રીય અવકાશ મથક (ISS) માટે રવાના થયા છે. વર્ષ ૨૦૨૭ માં પૃથ્વી પર પાછા ફરતા પહેલાં આ ટીમ અવકાશ મથક પર આશરે આઠ મહિના સુધી મહત્વપૂર્ણ વૈજ્ઞાનિક પ્રયોગો કરશે. તબીબી અને સ્પેસ ટેકનોલોજીના નિષ્ણાત ૪૯ વર્ષીય અનિલ મેનન મિશન દરમિયાન માઈક્રોગ્રેવિટીમાં માનવ શરીરના ફેરફારો, રક્ત પ્રવાહ અને સ્ટેશનના પાણીમાંથી નસમાં ચડાવવાના પ્રવાહી બનાવવા જેવી અદ્યતન ટેકનોલોજીનું પરીક્ષણ કરશે. આ સંશોધનો ભવિષ્યના ચંદ્ર અને મંગળ મિશન માટે ખૂબ ઉપયોગી સાબિત થશે.

# ટ્રમ્પ સરકારને મોટો ઝટકો : યુએસ સેનેટે ૯૬ લાખ કરોડનું સંરક્ષણ બિલ અટકાવ્યું

વોશિંગટન,તા.૧૫

ઈરાન સાથે ચાલી રહેલા યુધ્ધ વચ્ચે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને પોતાના જ દેશમાં મોટો રાજકીય ઝટકો લાગ્યો છે. ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા રજૂ કરાયેલ ૧ ટ્રિલિયન ડોલર (આશરે ૯૬ લાખ કરોડ રૂપિયા) નું વાર્ષિક સંરક્ષણ બિલ 'નેશનલ ડિફેન્સ ઓથોરાઈઝેશન એક્ટ' યુએસ સેનેટમાં બ્લોક થઈ ગયું છે.



ઈરાન સામેના યુધ્ધના વિરોધમાં ડેમોક્રેટિક પક્ષે આ બિલનો વિરોધ કર્યો હતો. સેનેટમાં થયેલા મતદાનમાં આ બિલને ૫૦-૪૬ મત મળ્યા હતા, જેથી તે જરૂરી બહુમતી મેળવવામાં નિષ્ફળ રહ્યું. ડેમોક્રેટિક નેતા ચક શૂમરે આકરા પ્રહારો કરતા જણાવ્યું કે, પ્રમુખ ટ્રમ્પ અમેરિકન લોકોને એવા યુધ્ધમાં ધકેલી રહ્યા છે જેનો કોઈ અંત નથી. વ્હાઈટ હાઉસ દ્વારા ઈરાન પર ફરી બોમ્બમારો શરૂ કરવાની જાહેરાત બાદ આ રાજકીય ગતિરોધ સર્જાયો છે.


**જાહેર નોટીસ**

**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ઉના //-**

અરજી નં.૨૦૪/૨૦૨૬
જન્મ તારીખ : ૧૭/૦૭/૨૦૨૧

કંકુબેન પ્રતાપભાઈ શિયાળ,
રહે.ખત્રીવાડા, ગામ-ખત્રીવાડા, તાલુકો-ઉના,
જિલ્લો-ગીર સોમનાથ

...........અરજદાર

**-: વિરૂધ્ધ :-**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી, સનખડા,
ગ્રામ પંચાયત કચેરી, સનખડા, તા.ઉના, જિલ્લો ગીરસોમનાથ ..........સામાવાળા

**બાબત :- જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી કંકુબેન પ્રતાપભાઈ શિયાળ રહે. ખત્રીવાડા, તાલુકો-ઉના, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ તેમના પુત્ર પ્રિયાન્સ પ્રતાપભાઈ શિયાળનો જન્મ તારીખ ૧૭/૦૭/૨૦૨૧ ના રોજ ઉના તાલુકાના PHC-સનખડા મુકામે થયેલ છે. જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર પુરાવા સાથે જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૦/૦૭/૨૦૨૬ના રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી
(ડી.કે.ભીમાણી)
એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ,
ઉના


# આણંદમાં નશાની હાલતમાં પીઆઈએ બેફામ કાર ચલાવી અનેક અકસ્માત સર્જ્યા



આણંદ,તા.૧૫

આણંદ જિલ્લા પોલીસ અધિક્ષક કચેરીના પીઆઈ પી. પી. વસાવા દારૂના નશામાં બેફામ કાર હંકારી પકડાયા છે. તેમણે બોરસદમાં એક કારને ટક્કર માર્યા બાદ, વહેરા પાટિયા પાસે બાઈકને અડફેટે લેતાં બે યુવકો ગંભીર રીતે ઘવાયા હતા. ભાગવા જતાં તેમની કાર દીવાલ સાથે અથડાઈ ઝાડીઓમાં ખાબકી હતી. સ્થાનિકોએ તેમને ઝડપી પોલીસને સોંપ્યા હતા.

# ગુજરાત સરકારનો મહત્વનો નિર્ણય: 'અશાંત ધારા'ના બદલે હવે 'સ્પેસિફાઈડ એરિયા' શબ્દ વપરાશે

ગાંધીનગર, તા.૧૫

ગુજરાત સરકારે અશાંત ધારા સંબંધિત નિયમોમાં મહત્વપૂર્ણ ફેરફાર કરતાં હવે 'અશાંત ધારા'ના સ્થાને 'સ્પેસિફાઈડ એરિયા' (નિયત વિસ્તાર) શબ્દનો ઉપયોગ કરવાનો નિર્ણય કર્યો છે. આ અંગે રાજ્ય સરકારે નવું નોટિફિકેશન જાહેર કર્યું છે.

નવા નિયમો મુજબ કોઈપણ વિસ્તારને 'સ્પેસિફાઈડ એરિયા' જાહેર કરતા પહેલાં મોનિટરિંગ



એન્ડ એડવાઈઝરી કમિટીની રચના કરવામાં આવશે. કમિટીની ભલામણોના આધારે જ રાજ્ય સરકાર સંબંધિત વિસ્તારને આ શ્રેણીમાં સામેલ કરશે. જ્યાં કોમી તણાવ હોય અથવા મોટા પાયે સ્થળાંતરની શક્યતા હોય તેવા વિસ્તારોને ખાસ ધ્યાનમાં લેવામાં આવશે. સ્પેસિફાઈડ એરિયામાં આવતી મિલકતોના વેચાણ માટે કલેક્ટર કક્ષાએ તપાસ કરાશે. આ માટે સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમની રચના કરવામાં આવશે. તપાસ બાદ જ વેચાણને મંજૂરી આપવામાં આવશે. ગેરકાયદેસર રીતે થયેલા મિલકત ટ્રાન્સફરને રદ કરવાની જોગવાઈ પણ કરવામાં આવી છે. સરકારના આ નિર્ણયથી મિલકત વ્યવહારોમાં વધુ પારદર્શિતા અને કાયદાકીય સુરક્ષા સુનિશ્ચિત થવાની અપેક્ષા છે.

**ભારે વરસાદથી નુકસાની પામેલા વેપારીઓને સહાય, ધિરાણ સહાય અને એક વર્ષ સુધી વેરામાં રાહત મળશે**

# સુરતના પૂરગ્રસ્ત વેપારીઓ માટે રૂા. ૧૦૫૦ કરોડનું રાહત પેકેજ જાહેર

સુરત,તા.૧૫

તારીખ ૬ જુલાઈના રોજ સુરતમાં ખાબકેલા અતિભારે વરસાદને કારણે ઉદ્ભવેલી પૂરની પરિસ્થિતિ બાદ સુરતવાસીઓને ભારે આર્થિક નુકસાની વેઠવી પડી હતી. આ કપરા સમયમાં સુરતના નાગરિકો અને વેપારીઓની વહારે આવીને રાજ્ય સરકારે એક ઐતિહાસિક સહાય પેકેજ મંજૂર કર્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના વડપણ હેઠળ મળેલી કેબિનેટ બેઠકમાં લેવાયેલા આ નિર્ણયોની સત્તાવાર જાહેરાત ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ એક ખાસ પત્રકાર પરિષદમાં કરી હતી.

સરકારે સુરત માટે અગાઉ જાહેર કરેલા ૫૦૦ કરોડ ઉપરાંત આગામી ત્રણ વર્ષ માટે વધુ ૫૫૦ કરોડનું પેકેજ મંજૂર કર્યું છે, જેનાથી સુરત માટે કુલ ૧,૦૫૦ કરોડ રૂપિયાનું રાહત પેકેજ તૈયાર થયું છે. આ પેકેજનો હેતુ પૂરગ્રસ્ત વેપારીઓને ફરી બેઠા કરવાનો અને ભવિષ્યમાં પૂર ન આવે તે માટે ખાડીઓ પરના દબાણો સત્વરે દૂર કરી કાયમી ઉકેલ લાવવાનો છે.



પૂરના પાણી ઓસરતા જ મુખ્યમંત્રીએ રૂબરૂ મુલાકાત લઈને સર્વેની કામગીરી શરૂ કરાવી હતી. રોગચાળો અટકાવવા ૯,૦૦૦થી વધુ સફાઈ કર્મચારીઓએ મેગા સફાઈ ઝુંબેશ ચલાવી હતી. અત્યાર સુધીમાં ૧૯,૦૦૦થી વધુ પૂર અસરગ્રસ્તોને કેશ ડોલ્સ અને ઘરવખરીની સહાય ચૂકવી દેવામાં આવી છે.

સરકારે નાના લારી-ગલ્લાવાળાથી લઈને મોટા વેપારીઓ માટે વિશેષ આર્થિક સહાયની જાહેરાત કરી છે: લારી અને રેકડી ધારકો માટે રૂા.૭,૫૦૦ ની આર્થિક સહાય. ૫૦ ચોરસ ફૂટ સુધીની નાની દુકાનો માટે રૂા.૫૦,૦૦૦ ની સહાય, મોટી કે પાકી દુકાનો માટે રૂા.૧ લાખ સુધીની રોકડ સહાય (જીએસટી રિટર્ન ભરનારાઓ માટે આ મર્યાદા લાગુ પડશે નહીં).

વેપારીઓ ધંધો ફરી શરૂ કરી શકે તે માટે લોન પર ૩ વર્ષ સુધી ૭% ના દરે વ્યાજ સહાય પણ આપવામાં આવશે. વેપારીઓ જરૂરિયાત મુજબ રોકડ સહાય અથવા વ્યાજ સહાય બેમાંથી કોઈ પણ એક વિકલ્પની પસંદગી કરી શકે છે. સુરતીઓ માટે સૌથી મોટી જાહેરાત એ છે કે પૂરની અસર પામેલા તમામ

**લોન પર ૩ વર્ષ સુધી ૭% ના દરે વ્યાજ સહાય પણ આપવામાં આવશે**

ઘરો અને દુકાનોને એક વર્ષ માટે સુરત મહાનગરપાલિકાના તમામ વેરામાંથી સંપૂર્ણ મુક્તિ આપવામાં આવશે. આ સહાય મેળવવા માટે કલેક્ટર કચેરી દ્વારા આગામી ૪૮ કલાકમાં ફોર્મ સ્વીકારવાની કામગીરી શરૂ કરવામાં આવશે.

## સુરત પાસપોર્ટ અને પોસ્ટ ઓફિસને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી

સુરત,તા.૧૫



સુરત શહેરમાં ૧૫ જુલાઈએ સવારે ૫ વાગ્યે એક અત્યંત ચોંકાવનારો ધમકીભર્યો ઈ-મેઈલ મળ્યો હતો, જેણે સમગ્ર પોલીસ તંત્રને દોડતું કરી દીધું હતું. આ ઈ-મેઈલમાં તમિલ અને તેલુગુ ફિલ્મ ઈન્ડસ્ટ્રીની જાણીતી અભિનેત્રી નિવેથા પેથુરાજનો ખાસ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. મેઈલ કરનારે દાવો કર્યો હતો કે આ મહિલા કલાકારે મોહમ્મદ પયગંબર સાહેબનું અપમાન કર્યું છે. આ કથિત અપમાનના બદલા તરીકે, ઈ-મેઈલમાં ધમકી આપવામાં આવી હતી કે બપોરે ૧:૩૦ વાગ્યે પાસપોર્ટ ઓફિસ અને પોસ્ટ ઓફિસમાં ત્રણ સાયનાઈડ ગેસ અને RDX બોમ્બ દ્વારા બ્લાસ્ટ કરવામાં આવશે, તેમજ મુસ્લિમોને ઓફિસમાંથી બહાર કાઢી મૂકવાની માગ પણ કરવામાં આવી હતી.

## અમદાવાદમાં રથયાત્રા પૂર્વે પ્રસાદ તૈયાર કરાયો : આજે ભક્તોનું ઘોડાપૂર ઉમટશે

અમદાવાદ,તા.૧૫



અમદાવાદમાં ૧૬મી જુલાઈના રોજ નીકળનારી ૧૪૯મી જગન્નાથ રથયાત્રાને લઈ ભગવાન જગન્નાથજી, સુભદ્રાજી અને બળભદ્રજીના મોસાળ સરસપુરમાં ભક્તિનો માહોલ છવાઈ ગયો છે. રથયાત્રા પૂર્વે સરસપુરની પોળો અને શેરીઓમાં રસોડાઓ ધમધમી રહ્યા છે. આજે હજારો કિલો મોહનથાળ તેમજ ફૂલવડી બનાવવાની કામગીરી પૂર્ણ કરવામાં આવી હતી. રથયાત્રામાં જોડાનાર સાધુ-સંતો, લાખો ભક્તો અને સુરક્ષા ફરજ બજાવતા પોલીસ કર્મચારીઓ માટે વિશાળ પ્રમાણમાં ભોજનની તૈયારી કરવામાં આવી રહી છે.સ્થાનિક રહિશો અને યુવાનો છેલ્લા ઘણા દિવસોથી દિવસ-રાત મહેનત કરી પ્રસાદની તૈયારીઓમાં જોડાયા છે. મોસાળમાં ભોજન બનાવવાની કામગીરી હવે આખરી તબક્કામાં પહોંચી ગઈ છે. અષાઢી બીજની વહેલી સવારથી બટાકાનું શાક, મિક્સ શાક, પુરી, દાળ અને ભાત બનાવવાનું શરૂ થશે.

## સરખેજ-ધોળકા રોડ પર બે ટ્રક વચ્ચે ભયાનક અકસ્માત, એકનું મોત

અમદાવાદ,તા.૧૫



અમદાવાદના સરખેજ-ધોળકા રોડ પર આજે વહેલી સવારે બાકરોલ નજીક બે ટ્રક વચ્ચે ગંભીર અકસ્માત સર્જાયો હતો. સવારે અંદાજે ૭:૩૦ વાગ્યાના સમયે લોડિંગ ટ્રક અને ઈંટોથી ભરેલા આઈસર વચ્ચે જોરદાર ટક્કર થતા આઈસર ચાલકનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. અકસ્માત એટલો ભયાનક હતો કે આઈસરનો આગળનો ભાગ સંપૂર્ણ રીતે ચકનાચૂર થઈ ગયો હતો. ચાલક ટ્રકમાં ફસાઈ જતા ફાયર વિભાગની ટીમે ભારે જહેમત બાદ ટ્રકની બોડી કાપીને મૃતદેહ બહાર કાઢ્યો હતો. બનાવની જાણ થતા ગ્રામ્ય પોલીસ તાત્કાલિક સ્થળે પહોંચી હતી અને આગળની કાર્યવાહી હાથ ધરી હતી. અકસ્માતના કારણે રોડ પર થોડો સમય ટ્રાફિક પણ પ્રભાવિત થયો હતો.

## અમરેલી જિલ્લામાં ફરી મેઘરાજાની પધરામણી, વડિયા અને જાફરાબાદમાં વરસાદી ઝાપટા

જૂનાગઢ,તા.૧૫



ગુજરાતમાં લાંબા વિરામ બાદ મેઘરાજાએ ફરી જોરદાર એન્ટ્રી કરતાં અનેક વિસ્તારોમાં વરસાદી માહોલ જામ્યો છે. અમરેલીના જાફરાબાદમાં સવારે જોરદાર વરસાદી ઝાપટા પડયા હતા. જયારે વડિયા અને આજુબાજુ વિસ્તારમાં સવારના સમયે અડધા ઈંચ જેવો વરસાદ પડી જતા ખેડૂતોમાં રાહતની લાગણી પ્રસરી હતી. જૂનાગઢ જિલ્લામાં આજે સવારથી વિવિધ વિસ્તારોમાં ધીમીથી લઈને ધોધમાર વરસાદ નોંધાયો હતો. વરસાદના કારણે છેલ્લા કેટલાક દિવસોથી અનુભવાતી કાળઝાળ ગરમી અને બફારામાંથી લોકોને રાહત મળી છે. જામજોધપુર પંથકમાં પણ વહેલી સવારથી વાતાવરણમાં અચાનક ફેરફાર જોવા મળ્યો હતો. અહીં પડેલા જોરદાર વરસાદી ઝાપટાંથી સ્થાનિકોમાં ખુશીની લાગણી છવાઈ ગઈ હતી. ઉત્તર ગુજરાતના અરવલ્લી જિલ્લામાં પણ લાંબા વિરામ બાદ વરસાદની શરૂઆત થઈ છે.

## રાજયમાં વાહકજન્ય રોગો સામે આરોગ્ય વિભાગ સતર્ક, આંતર-ખાતાકીય સંકલન બેઠક યોજાઈ

ગાંધીનગર,તા.૧૫



ગુજરાતમાં વાહકજન્ય રોગોના નિયંત્રણ અને નાબૂદી માટે આરોગ્ય વિભાગે સતર્કતા વધારી છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલ કેમ્પસ સ્થિત એનએચએમ ભવન ખાતે યોજાયેલી આંતર-ખાતાકીય સંકલન બેઠકમાં આરોગ્ય કમિશનર (ગ્રામ્ય) ડો. રતનકંવર ગઢવીએ વિવિધ વિભાગોને જરૂરી સૂચનાઓ આપી હતી. તેમણે જણાવ્યું હતું કે વાહકજન્ય રોગોને અટકાવવું તમામ વિભાગોની સહિયારી જવાબદારી છે. બેઠકમાં ચોમાસા દરમિયાન તમામ કન્સ્ટ્રક્શન સાઈટ્સ પર પાણી ભરાઈ ન રહે તેની ખાસ તકેદારી રાખવા સૂચના આપવામાં આવી હતી. ઉપરાંત અન્ય રાજ્યોમાંથી રોજગારી માટે આવતા શ્રમિકોની ફરજિયાત નોંધણી કરીને નજીકના આરોગ્ય કેન્દ્રને જાણ કરવા પણ તાકીદ કરવામાં આવી હતી. સ્વચ્છતા જાળવવા તેમજ બાળકો અને વાલીઓમાં મચ્છરજન્ય રોગોથી બચવા અંગે જાગૃતિ ફેલાવવા અનુરોધ કરાયો હતો.

## નાસિક નજીક સાવલઘાટમાં ગમખ્વાર અકસ્માતમાં ચારના મોત


સેલવાસ, તા.૧૫




મહારાષ્ટ્રના નાસિક જિલ્લાના સાવલઘાટ વિસ્તારમાં મંગળવારે સાંજે એક ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાતા મહિલા સહિત ચાર લોકોના મોત નિપજ્યા હતા જ્યારે એક વ્યક્તિ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. સેલવાસ, સરીગામ અને કપરાડા વિસ્તારના પાંચ લોકો ઈકો કારમાં મહારાષ્ટ્રના પ્રસિધ્ધ સપ્તશૃંગી મંદિરના દર્શન કરીને પરત ફરી રહ્યા હતા ત્યારે આ દુર્ઘટના બની હતી.પ્રાપ્ત વિગતો મુજબ ઈકો કાર સાવલઘાટમાંથી પસાર થઈ રહી હતી ત્યારે પાછળથી આવી રહેલા એક કન્ટેઈનરની બ્રેક ફેઈલ થઈ જતા તેણે કારને જોરદાર ટક્કર મારી હતી. ટક્કર બાદ કાર સામેથી આવી રહેલા બીજા કન્ટેઈનરની અડફેટે ચડી જતા કાર બે ભારે વાહનો વચ્ચે ફસાઈ ગઈ હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે કારનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો.અકસ્માત બાદ સ્થાનિક લોકો તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને પોલીસને જાણ કરી હતી. બચાવ કામગીરી દરમિયાન કારમાં ફસાયેલા તમામ લોકોને બહાર કાઢવામાં આવ્યા હતા. ત્રણ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા જ્યારે હોસ્પિટલમાં સારવાર દરમિયાન વધુ એક વ્યક્તિએ દમ તોડ્યો હતો. મૃતકોમાં અંબુ છગનભાઈ વળવી, રાજર્જાયા ધાક્લભાઈ તુમડા, કૌશલ્યાબેન રમેશભાઈ કાકડ અને રમણભાઈ ધર્માભાઈ ચીમન્યાનો સમાવેશ થાય છે. ગંભીર રીતે ઈજાગ્રસ્ત ખાલપાઢેડિયાભાઈ ભુરકુડની સારવાર ચાલી રહી છે. પેઠ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ગોંડલમાં પોલીસ કોન્સ્ટેબલના ઘરમાં રમાતા જુગારધામ પર નિર્લિપ્ત રાયની ટીમ ત્રાટકી

ગોંડલ, તા.૧૫



ગોંડલમાં પોલીસ હેડ કોન્સ્ટેબલ ભગીરથસિંહ વાઘેલાના રહેણાંક મકાનમાં ચાલતા જુગારધામ પર રાજકોટ રેન્જ ડીઆઈજી નિર્લિપ્ત રાયની ટીમે દરોડો પાડી મોટો પર્દાફાશ કર્યો છે. દરોડા દરમિયાન હેડ કોન્સ્ટેબલની પત્ની સહિત ૧૩ મહિલાઓ તીન પત્તી રમતા ઝડપાઈ હતી, જ્યારે ભગીરથસિંહ ફરાર હોવાનું સામે આવ્યું છે. પોલીસે સ્થળ પરથી રૂ. ૧.૩૫ લાખની રોકડ અને ગંજીપત્તા કબ્જે કર્યા છે. ઘટનાને ગંભીરતાથી લઈ એસપી વિજયસિંહ ગુર્જરે હેડ કોન્સ્ટેબલને સસ્પેન્ડ કર્યા છે તેમજ ગોંડલ સીટી બી ડિવિઝનના ડી-સ્ટાફના છ કર્મચારીઓની બદલી કરી છે.


naari HOSPITAL હોસ્પિટલ

આકર્ષક પગારથી સ્ટાફની જરૂર છે

મેડીકલ ઓફીસર (BHMS / BAMS) દિવસ માટે (લેડીઝ)

આપની CV 9157221324 નંબર ઉપર વોટ્સઅપ કરવું અથવા રૂબરૂ મળવું

naari HOSPITAL હોસ્પિટલ જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

naarihospitalamreli@gmail.com


## રાજયમાં મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર માટે ૧૦૦ જગ્યાની ભરતી જાહેર

**૧૭ જુલાઈથી ઓનલાઈન અરજી શરૂ થશે, નવેમ્બરમાં પરીક્ષા યોજાય તેવી શક્યતા**

ગાંધીનગર,તા.૧૫

રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હેઠળ નોકરીની તૈયારી કરતા યુવાનો માટે વધુ એક મહત્વની ભરતીની જાહેરાત કરવામાં આવી છે. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર (પુરુષ), વર્ગ-૩ની કુલ ૧૦૦ જગ્યાઓ માટે ભરતી બહાર પાડવામાં આવી છે. આ ભરતી માટે ઉમેદવારો ૧૭ જુલાઈ ૨૦૨૬ના રોજ બપોરે ૨ વાગ્યાથી ઓનલાઈન અરજી કરી શકશે. અરજી કરવાની છેલ્લી તારીખ ૩૧ જુલાઈ ૨૦૨૬ના રોજ રાત્રે ૧૧:૫૯ કલાક સુધી નક્કી કરવામાં આવી છે.

ભરતી માટે ઉમેદવારોએ OJAS પોર્ટલ મારફતે અરજી કરવાની રહેશે. મંડળ દ્વારા જણાવવામાં આવ્યુ છે કે પસંદગી પ્રક્રિયા માટે MCQ આધારિત સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવશે. પરીક્ષાનું આયોજન સંભવિત રીતે નવેમ્બર ૨૦૨૬ દરમિયાન કરવામાં આવનાર છે. ઉમેદવારોને અરજી કરતા પહેલા ભરતી અંગેની તમામ સુચનાઓ ધ્યાનથી વાંચવા અને અરજી ફોર્મમાં જરૂરી વિગતો સાચી રીતે ભરવા અપીલ કરવામાં આવી છે. ભરતી જાહેર થતા નોકરી ઈચ્છુક યુવાનોમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે.


આજે અષાઢી બીજની શુકનવંતી ખરીદી કરવા પધારો

(સોના-ચાંદીની ખરીદી કરવા પધારો)



નિલકંઠ જવેલર્સ

(લાઠીવાળા)

અમરેલી - ૩૬૫ ૬૦૧

ફોન નંઃ (૦૨૭૯૨) ૨૨૩૫૫૭ / ૨૩૦૫૫૭

સોનાના ૨૨ કેરેટ હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે

6356560000

મીસકોલ કરો અને SMS થી ભાવ જાણો.